કોવિડ-૧૯ના પડકારને અસરકારક રીતે ઝીલવામાં ટેકનોલોજી પણ અત્યંત ઉપયોગી પુરવાર થઇ શકે છે. ભારતે આ વાસ્તવિકતાને ધ્યાનમાં લઇને તાકીદના ધોરણે આ અંગેના અમલમાં મૂકી શકાય તેવા ઉપાયો પર કામ કરવાનું રહેશે. ટેકનોલોજી ક્ષેત્રની મોખરાની કંપનીઓ અને મહત્ત્વાકાંક્ષી ઉદ્યોગ સાહસિકો આ બાબતે જે યોજનાઓ રજૂ કરી રહ્યાં છે તેના પર સરકારે ધ્યાન આપવાનું રહેશે. આ સંદર્ભમાં હેકેથોન એક હાથવગુ હથિયાર છે અને એટલે જ સરકારે બે દિવસ એપ્રિલ ૩-૫ના રોજ હેકેથોનનું આયોજન કર્યુ હતું. એક અંદાજ પ્રમાણે ૨,૦૦૦ ટુકડીઓએ તેમાં ભાગ લીધો હતો.

જે ટુકડીને વિજેતા જાહેર કરવામાં આવી તેમાં બિહ બેંગ બુમનો સમાવેશ થાય છે. આ ટુકડીએ દૂર રહી ને ચલાવી શકાય તેવી વેન્ટિલેટર પ્રણાલી વિકસિત કરી હતી. આ ટુકડીનો ઉદેશ્ય પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે ખર્ચાળ ન હોય તેવી વેન્ટિલેટર પ્રણાલી વિકસાવવાનો હતો. અન્ય એક સ્ટાર્ટઅપ ટુકડી ૧૩૨એ યુવી ડિસઇન્ફેક્ટન્ટ રોબોટ વિકસાવ્યો છે. જે યુવી લાઇટનો ઉપયોગ કરીને પોતાની રીતે જ સરફેસને ડિસઇન્ફેક્ટ કરવાનું કામ કરે છે. હાર્ડવેર કંપની વિનસીને રૂ ૧.૨૭,૦૦૦ની એક ડિવાઇસ રજૂ કરી. જેનાથી પ્રાણવાયુ તેમજ નાડીના ધબકારા વગેરેનું નિયમન કરી શકાય છે. અન્ય ટુકડી ૧૧૮એ એક એવી ડિવાઇસ વિકસાવી છે જેના માધ્યમથી કોમ્પ્યુટરની મદદથી શ્વાસ લેવામાં મુશ્કેલી જે કોવિડ-૧૯નું એક મહત્ત્વનું લક્ષણ છે તેની વિગતોનું વિશ્લેષણ કરી શકાય છે.

એપ વિકસાવનારાઓએ પણ કેટલાક રસપ્રદ કહી શકાય તેવા ઉપાયો રજૂ કર્યા હતા. આર-ટીએનટી ટેસ્ટ મેનેજમેન્ટ સેન્ટર પરીક્ષણની સવલતો માટેની પુરવઠા શૃંખલાના વ્યવસ્થાપનની કામગીરી સંભાળે છે. વપરાશકારોની વિનંતીના આધારે તે પરીક્ષણની સવલત માટે કીટનો ઓર્ડર કરે છે. માઇક્રોસોફ્ટના સંશોધનકાર બ્રાઉન અને સ્ટેનફોર્ડે લેબલિંગ માટેની એપ વિકસાવી છે. જેમાં બેરોજગાર વ્યક્તિ ઓનલાઇન પર ઉત્પાદનોને વિવિધ કક્ષામાં વર્ગીકૃત કરવાની કામીગીરી લેબલિંગના માધ્યમથી કરીને રોજી રળી શકે છે. બીજી એક ટુકડીએ એક એઆઇ મંચ વિકસાવ્યું છે. જે દર્દીઓની મેડિકલની આવશ્યક્તા વગેરનું આકલન કરીને તેમને તબીબો અને રેડિયોલોજિસ્ટો સાથે જોડવાનું કામ કરે છે.

ભારતે આ પહેલા પણ ઘણા હેકેથોનનું આયોજન કર્યુ છે. જોકે તેમાં મોટાભાગે જે ઉપાયો વિકસાવ્યા હતા તેની માંગ એટલી જોવાતી ન હતી. કેટલાક આયોજનો માત્ર પેપર પર જ રહ્યાં છે કારણ કે, સરકારી એજન્સીઓ તેના પર મદાર રાખીને તેમના કામકાજને સફળ રીતે આગળ વધારી શકી ન હતી. સરકારી જોકે કેટલીક મર્યાદાઓ રહેતી હોય છે કારણ કે, ઉપાયો વિકસાવનારી કંપનીને તે કેટલીક મહત્ત્વની કહી શકાય તેવી વિગતો જાહેર નથી કરી શકતી. જોકે આ ઉકેલી ના શકાય તેવી સમસ્યાઓ નથી. વાસ્તવમાં સરકારે અસરકારક રીતે કામકાજ કરી શકે તેવા ઉપાયો વિકસાવનારાઓને પ્રોત્સાહિત કરવાની રહેશે. જેમ કે તમિલ નાડુએ ચેન્નાઉના ગરૂડા સ્ટાર્ટઅપની સેવા લેવાનું નક્કી કર્યુ છે. જે ડ્રોનના માધ્યમથી હોસ્પિટલમાં સેનેટાઇઝેશન વગેરેની કામગીરી પાર પાડશે.

# અર્થતંત્રને પાટા પર લાવવા માટે ઇકનોમિક પેકેજની તાતી જરૂર

ભારત હવે લોકડાઉનમાંથી બહાર આવવાની વેતરણમાં છે. તબક્કાવાર રીતે બહાર આવવાનું તેનું આયોજન હોય તેવું જણાય છે. જોકે અર્થતંત્રને સ્થિરતા આપવા અને ચેતનવંતુ કરવા માટે મોટાપાયે રાજકોષીય અને નાણાંકીય સહયોગની દિશામાં સરકારે પગલા લેવાના રહેશે. ઘણા લોકોની દલીલ એવી છે કે, ભારતની રાજકોષીય મોરચે રહેલી મર્યાદાઓને ધ્યાનમાં લેતા આ કામ તેના માટે મુશ્કેલ છે. રાજકોષીય ખાધની સમસ્યાનો ભારત પહેલાથી સામનો કરી રહ્યું છે.

જોકે અત્યારના તબક્કે દેશના અર્થતંત્ર અને લોકોની આજીવીકા સામે મોટું સંકટ ઊભુ થયું છે. તેટલું જ નહીં એનપીએ આર્થિક વિકાસ દર મંદ પડવાની સાથે બમણી થઇ જવા પામી છે. ભારત ૧૯૯૧માં જે ધોરણે કટોકટીનો સામનો કરી રહ્યું હતું તેવી જ સ્થિતિ હાલમાં પેદા થવા પામી છે. અલબત્ત, તેનો પ્રકાર જુદો છે. તે સમયે ચુકવણી સમતુલાની કટોકટી હતી. આ કિસ્સામાં ભારતે માળખાકીય સુધારો, ઉદારીકરણ, ચલણનું અવમૂલ્યવ જેવા પગલા લઇને મુશ્કેલ પરિસ્થિતિમાંથી રસ્તો કાઢ્યો.

અગાઉ જણાવ્યું તેમ હાલમાં સમસ્યા જુદી છે. ચુકવણીની સમતુલાની કોઇ સમસ્યા નથી. બાહ્ય બેલેન્સ સરપ્લસ જોવા મળી રહ્યું છે. ભારતની અનામતો ૪૭૦ બિલિયન ડોલરની સપાટીએ પહોંચી છે. રૂપિયાને સ્થિરતા આપવા માટે તેનો ઉપયોગ તાજેતરનાં મહિનામાં કરવામાં આવ્યો હોવા છતાં વિદેશી હૂંડિયામણની અનામતોના મોરચે ભારતની સ્થિતિ સારી છે. જોકે આર્થિક શટડાઉનની જે ફરજ સપડી તેના લીધે રોજગારી અને નાણાંકીય મોરચે કટોકટીના સંજોગો જોવા મળી શકે છે. આ સમસ્યાઓના ઉકેલની દિશામાં જો તાકીદે પગલા લેવામાં નહીં આવે તો દેશનું અર્થતંત્ર મંદીની ગર્તામાં ધકેલાઇ શકે છે.

રાજકોષીય મોરચે ભારત નબળી સ્થિતિમાં છે ત્યારે ભારત આ સંજોગોમાં સહાય વગેરેના પેકેજની દિશામાં કેવી રીતે આગળ વધી શકશે તેના પર અહીં વિચાર કરવામાં આવ્યો છે. ભારતની રાજકોષીય ખાધ જીડીપીના ૪.૫ ટકા જેટલી જોવા મળી રહી છે. જાહેર સાહસોનું જે ઓફ બજેટ બોરોવિંગ છે તેને ધ્યાનમાં લેતા રાજકોષીય ખાધ આટલી બેસે છે. હવે અર્થતંત્રમાં વિકાસ દર ઘટીને જીડીપીના ૨ ટકા જેટલો થઇ શકે છે. આવકના મોરચે ઓછામાં ઓછી જીડીપીના ૩ ટકા જેટલી ઘટ જોવા મળી શકે છે.



અજય છીબ્બર

ક્રૂડના ભાવ નીચા ગયા છે તેનો ફાયદો ભારતને જીડીપીના ૧-૧.૫ ટકા જેટલો મળી શકે છે. ભાવ કેટલો સમય સુધી ઘટેલા રહે છે તેના પર આ લાભનો મદાર રહેલો છે. સરકાર આ જે ફાયદો થઇ રહ્યો છે તેનો લાભ વપરાશકારોને આપતી નથી તેવું ધારી લેવામાં આવે તો રાજકોષીય ખાધ જીડીપીના ૨ ટકાની આસપાસ રહે તેવું બની શકે. સરકારે પીએમ ગરીબ કલ્યાણ યોજના વગેરેના માધ્યમથી જે સહયોગ કર્યો છે તે જીડીપીના એક ટકા જેટલો થાય છે. પ્રવર્તમાન ખર્ચાઓના આયોજનોમાં ફેરફાર કરીને આ અંગેની નાણાંકીય સાધનોની આવશ્યક્તા સંતોષવામાં આવે તેવું સમજાય છે.

દેશના અર્થતંત્રને સ્થિરતા આપવાની સાથે સાથે કપરા સંજોગોમાંથી બહાર લાવવા માટે ત્રીજુ સહાયનું પેકેજ જીડીપીના ૫ ટકા-૪ ટકા કેન્દ્ર સરકાર માટે હોઇ શકે છે અને વધારાનું એક ટકા રાજ્ય સરકારો માટે. આ ઉપરાંત રાજ્ય સરકારોને જીએસટી પેટે જે લેણી નીકળતી રકમ છે તેની ચુકવણી ગણી શકાય. ઉદ્યોગોના સર્વેક્ષણ પરથી સંકેત મળે છે કે, નાણાંકીય વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧ની વચ્ચે વાર્ષિક ધોરણે અર્થતંત્રના મોખરાના ક્ષેત્રો જેવા કે, ઓટો, તેલ અને ગેસ, મેટલ્સ અને માઇનિંગ, પરિવહન અને લોજિસ્ટિક, બાંધકામ અને કાપડમાં કામકાજના મોરચે ૧૫-૨૦ ટકા સંકોચન જોવા મળી શકે છે. જ્યારે ઉડ્ડયન, પ્રવાસન જેવા ક્ષેત્રમાં ૩૦ ટકા જેટલું સંકોચન જોવા મળી શકે છે. જ્યારે ક્ષેત્ર જેવા કે કૃષિ, ફાર્મા અને ટેલિકોમમાં થોડો વધારો જોવા મળી શકે છે.

આ ધોરણે કામકાજમાં ઘટાડો જોવા મળે ત્યારે સ્વભાવિક રીતે તેની સીધી અસર નાણાંકીય પ્રણાલી પર જોવા મળશે. એનપીએમાં જીડીપીના ૮-૯ ટકા જેટલો વધારો જોવાશે. તેનો અર્થ એવો થયો કે, હાલમાં જેટલી એનપીએ છે તે બમણી થઇ જશે. લોકડાઉનને કારણે ૪૦-૬૦ મિલિયન લોકો રોજગારી ગુમાવે તેવી દહેશત છે. નવા પેકેજમાં ઓછામાં ઓછા પાંચ બાબતોનો સમાવેશ કરવાનો રહેશે. એમએસએમઇના કિસ્સામાં ધિરાણ માફી, મધ્યમ કદના એકમો અને કોર્પોરેટ સેક્ટરના કિસ્સામાં ધિરાણોનું પુનઃગઠન તેમજ બેન્કિંગ ક્ષેત્રના પુનઃમૂડીકરણની દિશામાં પગલા લેવાના રહેશે.

આ પ્રકારના મોટા પેકેજનો અર્થ થયો કમ્બાઇન પીએસબીઆર જીડીપીના ૯ ટકા છે તે વધીને ૧૪ ટકાએ પહોંચશે. ભારત આંતરિક ધોરણે આટલી મોટી ખાધને ના પહોંચી શકે. આરબીઆઇ ભલે મોટી અનામતો પર બેઠી હોય પણ તેના પાકા સરવૈયાને અસર થયા વિના તે સરકારની નોંધપાત્ર જવાબદારી ના લઇ શકે. કપરા સંજોગોમાં સ્થાનિક બજારમાંથી નાણાંકીય સાધનો હાંસલ કરવાની પણ સંભાવનાઓ ખાસ રહેતી નથી. વિશ્વ બેંકે વધારાના એક બિલિયન ડોલરના રાજકોષીય સહયોગનો સંકેત આપ્યો છે. આ રકમ બમણી થઇ શકે છે. તેવી જ રીતે એશિયન ડેવલોપમેન્ટ બેંક પણ એક બિલિયન ડોલરનો સહયોગ કરી શકે છે.

**– લેખક ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ટરનેશનલ ઇકોનોમિક પોલિસી, જ્યોર્જ વોશિંગ્ટન વિશ્વ વિદ્યાલયમાં વિઝિટિંગ સ્કોલરનો દરજ્જો ધરાવે છે. અહીંયા તેમના અંગત વિચારો વ્યક્ત થયા છે.**




# રાજકોષીય પ્રોત્સાહનો જીએસટીના માધ્યમથી આપી શકાય

આ એક અસામાન્ય કહી શકાય તેવા સંજોગો છે. વ્યક્તિગત ધોરણે તેમજ વેપાર ધંધાની રીતે જોવામાં આવે તો આ અત્યંત કપરો સમય છે તેમ કહી શકાય. સરકારે રૂ ૧.૧.૭ લાખ કરોડના પ્રોત્સાહનોની જાહેરાત કરી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખેડૂતોના ખાતામાં સહાયની સીધી તબદીલી અને એમજીનરેગા હેઠળ સરકાર જે ખર્ચ કરવાની છે તે ઉપરાંતની આ રકમ છે. જે વધારાનો રૂા.એક લાખ કરોડનો ખર્ચ બતાવે છે. જે જીડીપીના ૦.૫ ટકા કરતા થોડો ઓછો છે.

અર્થતંત્રને માળખાકીય મોરચે સહન કરવાનું આવે નહીં તે માટે મજબૂત પ્રોત્સાહનો આપવા માટે સરકારે સજ્જ થવાનું રહેશે. નાના પાયે કે હળવી સહાય માત્રથી કામ નહીં ચાલે. જર્મનીએ જીડીપીના ૧૦ ટકા અને યુએસ, બ્રિટને જીડીપીના ૧૫ ટકા, ઓસ્ટ્રેલિયાએ જીડીપીના ૯.૭ ટકાના અને ડેનમાર્કે જીડીપીના ૧૩ ટકાના પેકેજની જાહેરાત કરી છે.દેશમાં ૧.૨ કરોડ લોકો જીએસટીની ચુકવણી કરે છે. દેશની જીડીપી સામે ટેક્સની ટકાવારી નાણાંકીય વર્ષ ૨૦૧૯ સુધી ૧૭-૧૭.૫ ટકા બેસે છે. એક એવો અંદાજ મૂકવામાં આવે છે કે, પરોક્ષ વેરાઓ જે ગરીબ માણસોને વધારે અસર કરે છે તે રિગ્રેસીવ હોય છે. દેશની સમગ્રતયા વેરાની જે આવક છે તેમાં તેનો હિસ્સો ૬૫ ટકા બેસે છે. જ્યારે પ્રત્યક્ષ વેરા (કોર્પોરેટ ટેક્સ અને આવક વેરો)નો હિસ્સો કુલ વેરાની આવકમાં ૩૫ ટકા જેટલો છે.



પ્રદીપ પી શાહ

તાકીદના ધોરણે અને અસર પહોંચે તે રીતે જો પ્રોત્સાહનો આપવા હોય તો તે માટેનો રસ્તો પરોક્ષ વેરા પ્રણાલિનો ઉપયોગ કરીને પ્રોત્સાહન આપવાનો છે તેમ કહી શકાય. કોરોનવાઇરસની મહામારીની સમસ્યા દેશમાં ઊભી થઇ તે પહેલા દેશમાં માંગ નબળી પડી રહી હોવાની સમસ્યા જોવા મળી રહી હતી. સરકારે આ સંજોગોમાં સિમેન્ટ, ઇંટો અને ટાઇલ્સના કિસ્સામાં જીએસટીનો દર ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવો જોઇએ. તેવી જ રીતે ઇંધણ પર ઇનપુટ ક્રેડિટ આપવી જોઇએ. જેથી કરીને આ ક્ષેત્રોમાં માંગને વેગ મળે.

આ ઉપરાંત સરકારે તાકીદના ધોરણે જીડીપીના ૫ ટકા જેટલું પેકેજ જાહેર કરવું જોઇએ. જેથી કરીને ઉદ્યોગોને તરલતાના મોરચે પણ રાહત રહે. પેકેજનું અમલીકરણ સરળ રહે તેના પર સરકારે ખાસ ધ્યાન આપવાનું રહેશે. જીએસટીની ચુકવણી કરનાર તમામને સરકારે કામચલાઉ ધોરણે ધિરાણની સવલત મળી રહે તેવી ગોઠવણ કરવી જોઇએ. જેની રકમ છેલ્લાં છ મહિના દરમિયાન જીએસટીની જે ચુકવણી કરી હોય તેટલી રાખી શકાય.

સરકારે માર્ચ ૨૦૨૦માં જીએસટીની જે વસૂલાત લેવાની થાય છે તેમાં મુદતમાં ત્રણ મહિનાનો વધારો કરી શકાય. તેવી જ રીતે સરકારી વિભાગોએ તેમના વેન્ડરોને જે સર્ટિપાઇડ બિલ સામે ચુકવણી કરવાની થાય છે તે તાકીદે કરી દેવી જોઇએ. સરકાર રાજકોષીય પ્રોત્સાહનો આપી શકે તે માટે આરબીઆઇએ ત્રણ વર્ષની મુદતે પાકતા સરકારી બોન્ડ ખરીદવાની તૈયારી રાખવી પડશે. યુએસ ફેડની વાત કરવામાં આવે તો તે અમર્યાદિત રકમની સરકારી ટ્રેઝરીની ખરીદી કરી રહી છે.

સરકારે રાજકોષીય પ્રોત્સાહનો ઉપરાંત જે વિવિધ અનુપાલનો અંગેની જોગવાઇ છે તેના સંદર્ભમાં સમયમર્યાદામાં વધારો કરવાનો રહેશે. જેમ કે, બોઇલર ઇન્સ્પેક્શન, બોઇલર પરવાનો, કંપની લો પાઇલિંગ્સ વગેરેમાં વગેરેમાં છુટછાટ આપવાનો સરકારે અભિગમ રાખવાનો રહેશે. આ માટે રાજ્ય સરકારોને પણ જરૂરી સુચનાઓ કેન્દ્ર સરકારે આપવાની રહેશે. આ તમામ કિસ્સામાં સમયમર્યાદામાં ઓછામાં ઓછો ત્રણ મહિનાનો વધારો કરવામાં આવે તે જરૂરી છે.

આ ઉપરાંત સરકારે વ્યક્ગિત સહાય કરવામાં જે આધાર કાર્ડ કે જનધન ખાતા નથી ધરાવતા તેવા લોકોનો પણ વિચાર કરવાનો રહેશે. તેવી જ રીતે વેપાર ધંધામાં કેટલાંક એવા લોકો છે જે જીએસટી હેઠળ નોંધાયેલા નથી પણ તેમને પણ રાહતની જરૂર છે.

**– લેખક ઇન્ડએશિયા ફંડ એડવાઇઝર્સ પ્રાઇવેટ લિમિટેડમાં અધ્યક્ષનું પદ ધરાવે છે. અહીંયા તેમના અંગત વિચારો વ્યક્ત થયા છે.**

# નાણાંકીય પ્રણાલીઓ માટે ઊભા થઇ રહેલા પડકારો

જ્યારે અનિશ્ચિતતાનો માહોલ હોય ત્યારે બેન્કિંગ સેક્ટર પર સાવચેતીપૂર્વકની દેખરેખ જરૂરી બની જાય છે. બેંકોને લોકડાઉનમાંથી મુક્તિ આપવામાં આવી છે અને ગ્રાહકો સરળતાથી બેન્કિંગ વહેવારો કરી રહ્યા છે. રાહત અંગેની જે પણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે તેની સાથે બેંકો સંકળાયેલી છે. કલ્યાણકારી કામકાજ વગેરેમાં બેંકોની ભૂમિકા જોવા મળી રહી છે.

ધિરાણની પરત ચુકવણી મોકૂફ રાખવાની જે રાહત આપવામાં આવી રહી છે તે મહત્ત્વની છે. સરકારનો ઉદેશ્ય શટડાઉનના સમયગાળામાં ધિરાણ લેનારાઓને રાહત આપવાનો રહ્યો છે. પગારમાં કાપ અને અન્ય કારણોસર ધિરાણ લેનારા પાસે પૂરતી રકમ આવે નહીં તો આ કિસ્સામાં ધિરાણની પરત ચુકવણીની સમસ્યા તેને કનડે નહીં તેને ધ્યામાં લઇને સરકારે આ રાહત આપવાનો નિર્ણય લીધો છે.

જોકે બેંકો કયાં ખાતેદારને ધિરાણની પરત ચુકવણીમાં મોકૂફીની રાહત આપવી તે અંગે નિર્ણય લેવામાં મૂંઝવણ અનુભવી રહી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ધિરાણની પરત ચુકવણી મોકૂફ રાખવાની રાહત આપવામાં આવી રહી છે નહીં કે ધિરાણ માફી. આ તથ્યને ધ્યાનમાં લેતા ધિરાણ મોકૂફીની રાહતનો લાભ લેતા પહેલા પૂરતો વિચાર કરવાનો રહેશે. ધિરાણ લેનારને પરત ચુકવણી મોકૂફ રાખવાની રાહત મળશે. જોકે આ અંગેની સમયમર્યાદા પૂરી થવાની સાથે બેંકોની બેન્ડવીથમાં વધારો જોવાશે.

જો શટડાઉનની સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો તો આ સંજોગોમાં ધિરાણની પરત ચુકવણીમાં મોકૂફીની રાહતની જે સમયમર્યાદા છે તેમાં વધારો જોવા મળી શકે છે. વધારામાં ધિરાણની પરત ચુકવણી મોકૂફ રાખવાની સમયમર્યાદા પુરી થતા કસૂરવારોની સંખ્યામાં વધારો જોવા મળી શકે છે. બેંકો માટે આ એક મોટી ચિંતાનું કારણ છે. એનપીએની કટોકટી પછી બેંકોએ રિટેઇલ સેગમેન્ટ તેમજ એસએમઇ વગેરેમાં ધિરાણનું કામકાજ વધારવાનો અભિગમ અપનાવ્યો છે. આ બન્ને સેગમેન્ટમાં આગામી દિવસોમાં એનપીએમાં નોંધપાત્ર વધારો જોવા મળી શકે છે.પ્રવર્તમાન સંજોગોમાં મોટા કદની કંપનીઓ સંજોગો સામે ટક્કર લઇ શકશે. જ્યારે લઘુ ઉદ્યોગો અને રિટેઇલ સેક્ટર માટે કામ કરવાનું મુશ્કેલ બની રહ્યું છે. આર્થિક કામકાજમાં આવેલી મંદીની પહેલી અસર તેમના પર જોવાશે. સરકારે આ તથ્યોને ધ્યાનમાં લઇને જ નાદારીની પ્રક્રિયામાં એમએસએમઇનો મોટાપાયે સમાવેશ થાય નહીં તે માટે આ અંગેની ડિફોલ્ટની મર્યાદા રૂા.એક લાખથી વધારીને રૂા.એક કરોડ કરી છે. સ્વભાવિક રીતે આ સંજોગોમાં બેંકોએ દેખરેખની કામગીરી વધારે સઘન કરવાની રહેશે. બેંકોએ તેમના અસ્ક્યામતોના વર્ગીકરણ અંગેના તેમજ જોગવાઇઓ અંગેના ધારાધોરણો છે તેમાં ફેરફાર કરવાનો રહેશે.



મદન સબનવીસ

હાલમાં જે પગલા લેવામાં આવી રહ્યાં છે તે ચોક્કસપણે ધિરાણ લેનારાઓની તરફેણમાં હોય તેવું લાગે છે. જોકે બેંકોના કિસ્સામાં પ્રથમ ત્રણ મહિનામાં તેમની કામગીરી પર આ તમામ પગલાની પ્રતિકૂળ અસર જોવા મળી શકે છે. આ તથ્યોને ધ્યાનમાં લેતા કહી શકાય કે, આગામી દિવસોમાં બેંકોની એનપીએમાં વધારો જોવા મળશે. આરબીઆઇનો જે તાજેતરનો એફએસઆર છે તેમાં નોંધ લેવામાં આવી છે કે, ઇન્ક્રિમેન્ટલ એનપીએ વાસ્તવમાં નીચે આવી છે.

બેંકોને વાણિજિક ક્ષેત્રમાં ધિરાણનું કામકાજ વધારવાની તેમજ વ્યાજ દર નીચે લઇ જવાની તાકીદ કરવામાં આવી રહી છે. આરબીઆઇએ આ માટે સાનુકૂળ માહોલ ઊભો કરવાનું કામ કર્યુ છે. આરબીઆઇ એવી અપેક્ષા રાખી રહી છે કે, બેંકો રેપો રેટમાં જે ધોરણે ઘટાડો કરવામાં આવ્યો છે તેની સાથે એમસીએલઆરનો તાલ મિલાવે. નાની બચત પરના વ્યાજના દરમાં પણ નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે. જેથી કરીને બેંકો થાપણો પરનો દર નીચો લાવી શકે. નજીકના સમયગાળામાં તેમાં પણ ઘટાડો જોવાશે.

બેંકો તેમના ધિરાણ પરના વ્યાજ દરમાં ઘટાડો કરી રહી છે. જોકે નાની બચતોના વ્યાજ દરમાં જે ધોરણે ઘટાડો કરવામાં આવ્યો છે તેની સાથે તેનો તાલ નથી મળી રહ્યો. તેવી જ રીતે રેપો રેટમાં થયેલા ફેરફાર સાથે પણ તેનો મેળ નથી બેસતો. થાપણો પર બહુવિધ પરિબળોની અસરો આગામી દિવસોમાં જોવા મળી શકે છે. સંખ્યાબંધ કંપનીઓ પગારમાં કાપ તેમજ લેઓફ જેવા પગલા લેશે તેના લીધે ઘરગથ્થુ આવકમાં ઘટાડો જોવાશે.

તેના લીધે સમગ્રતયા વપરાશમાં તેમજ બચત કરવાની ક્ષમતામાં ઘટાડો જોવાશે. સામે પક્ષે ખાદ્યાન્ન ફુગાવો વધારા તરફી વલણ બતાવી રહ્યો છે. આ સંજોગોમાં સ્વભાવિક રીતે થાપણો તરફના પ્રવાહ પર તેની પ્રતિકૂળ અસર જોવા મળશે. થાપણો પરનો વ્યાજ દર ઘટતા લોકો મૂડી બજારમાં નાણાં રોકવા પ્રેરાય તેવું બની શકે છે.

**– લેખક કેર રેટિંગ્યમાં મુખ્ય અર્થશાસ્ત્રીનું પદ ધરાવે છે. અહીંયા તેમના અંગત વિચારો વ્યક્ત થયા છે.**

REGD NO. GAMC 944 FE (GUJ) AHMD. RNI NO:48890/1991 Printed and published by Hareshkumar k Bhagdev on behalf of M/s The Indian Express Private Limited and printed at Bhaskar Print Planet, Survey No. 148P, Changodar-Bavla Highway, Tal. Sanand, Dist. Ahmedabad and published at 3rd Floor, Sambhav House, Bodakdev, Ahmedabad-380 015. Phone (Board) : 26872481-82-83, Fax: 079-26873950. Chairman of the Board - Viveck Goenka, Managing Editor - Sunil Jain, Editor (Ahmedabad): Jyotsna Bhatnagar* (*Responsible for selection of news under the PRB Act) © Copyright: The Indian Express Private Limited. All rights reserved. Reproduction in any manner, electronic or otherwise, in whole or in part, without prior written permission is prohibited. The Financial Express®

REGD NO. GAMC 944 FE (GUJ) AHMD. RNI NO:48890/1991 બોર્ડના અધ્યક્ષ : **વિવેક ગોએન્કા**, મેનેજિંગ એડિટર : **સુનીલ જૈન**, એડિટર (અમદાવાદ) : **જ્યોત્સ્ના ભટનાગર*** મુદ્રક પ્રકાશક : ધી ઈન્ડિયન એક્સપ્રેસ પ્રાઇવેટ લિમિટેડ, એક્સપ્રેસ ટાવર્સ, નરીમાન પોઇન્ટ, મુંબઇ- ૪૦૦ ૦૨૧ના માલિકો વતી **હરેશકુમાર કે ભગદેવ** સમભાવ હાઉસ, ઉજો માળ, જજીસ બંગલા પાસે, બોડકદેવ, અમદાવાદ- ૩૮૦ ૦૧૫થી પ્રસિદ્ધ કર્યુ. મુદ્રણ : ભાસ્કર પ્રિન્ટ પ્લેનેટ, સર્વે નંબર ૧૪૮-પી, ચાંગોદર-બાવળા હાઇવે, તા. સાણંદ, જિ. અમદાવાદ **તંત્રી વિભાગ** : સમભાવ હાઉસ, ઉજો માળ, જજીસ બંગલા પાસે, બોડકદેવ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫, **ફોન (બોર્ડ)** ૨૬૮૭૨૪૮૧-૮૨-૮૩, **ફેક્સ** : ૨૬૮૭૩૯૫૦ (***પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર**) © કોપીરાઇટ - ધી ઈન્ડિયન એક્સપ્રેસ પ્રાઇવેટ લિમિટેડને તમામ હક્કો સ્વાધીન રહેશે. લેખિત પૂર્વમંજૂરી વિના કોઇ પણ સ્વરૂપે, ઇલેક્ટ્રોનિક મિડિયા કે અન્યથા સંપૂર્ણ કે આંશિક પુનઃપ્રસિદ્ધિ પ્રતિબંધિત છે. ધી ફાયનાન્સિયલ એક્સપ્રેસ®

ઇન્ડિયન ટી એસોસિએશનના નિર્ણયને આવકાર

# ચાના બગીચાઓમાં કામકાજની છૂટ આપવાનો બંગાળ સરકારનો નિર્ણય

**પીટીઆઇ**
કોલકત્તા,તા.૧૦

ઇન્ડિયન ટી એસોસિએશન (આઇટીએ)એ બંગાળ સરકારે ચાના બગીચાઓમાં કામકાજ કરવાની છૂટ આપવાનો જે નિર્ણય લીધો તેને આવકાર્ય ગણાવ્યો છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળ સરકારે કુલ કામદારો પૈકી ૧૫ ટકાને વારાફરતી કામ કરવાની શરતે ચાના બગીચાઓમાં ચાના ઘરડા થયેલા પત્તાને કાપવાની કામગીરી કરવાની છૂટ આપી છે. સામાન્ય રીતે ચાના બગીચામાં જેટલા કામદારો કામ કરતા હોય છે તેના પંદર ટકાના ધોરણે કામકાજની મંજૂરી આપવામાં આવી છે. કામકાજના સમયે હરવા ફરવા પર સ્વનિયંત્રણનું પાલન કરવાનું રહેશે. આઇટીએના સેક્રેટરી અર્જિત રાહાએ જણાવ્યું છે કે, રાજ્ય સરકારનો નિર્ણય આવકાર્ય છે. સરકારના આ નિર્ણયથી ચલો કામકાજની શરૂઆત તો થઇ છે. ચા ચૂંટવાનો સમય આવી રહ્યો છે ત્યારે આ અંગેની કામગીરી શરૂ કરવામાં આવે તેની તાતી જરૂર છે. હાલ ચાના બગીચામાં જે કામગીરી કરવાની રહે છે તેની માહિતી આપતા તેમણે જણાવ્યું કે, ચાના છોડ પરના ઘરડા પત્તાને કાપવાની કવાયત હાલમાં હાથ ધરવામાં આવે છે. જેથી કરીને સીઝનમાં નવા પત્તા ફૂટી શકે. પશ્ચિમ બંગાળમાં એપ્રિલ ૨૫થી લોકડાઉનની જાહેરાત થઇ ત્યારથી ચાના બગીચાઓમાં કામકાજ બંધ થયેલું છે. દાર્જીલિંગ ટી એસોસિએશનના બિનોદ મોહનનું કહેવું છે કે, સરકાર ચાના બગીચાઓના કિસ્સામાં તબક્કાવાર રીતે કામકાજ શરૂ કરાવવાનું આયોજન ધરાવતી હોવાનું પ્રતિત થાય છે.

# ક્રૂડ ઓઇલના ઉત્પાદનમાં કાપ માટે મેક્સિકોના વલણ પર સૌની નજર

**પીટીઆઇ**
દુબઇ, તા.૧૦

ઓપેક અને રશિયા સહિતના અન્ય તેલ ઉત્પાદક દેશોએ ક્રૂડના ઉત્પાદનમાં જુલાઇ સુધી રોજનો ૧૦ મિલિયન બેરલનો ઉત્પાદનમાં કાપ મૂકવાનો નિર્ણય લીધો છે. જ્યારે વર્ષના અંત સુધીમાં ૮ મિલિયન બેરલના ઉત્પાદન કાપનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્ટેલે આ માહિતી આપતા જણાવ્યું છે કે, જોકે આ અંગેના નિર્ણય પર હવે મેક્સિકોની સંમતીની રાહ જોવાઇ રહી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, શુક્રવારના રોજ ઓપેક અન્ય તેલ ઉત્પાદક દેશો વચ્ચે સવાર સુધી વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી લાંબી બેઠક ચાલી હતી. જોકે તેમાં મેક્સિકો સંમત નહીં થતા કોઇ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો ન હતો. કોરોનાવાઇરસની મહામારીને પગલે ક્રૂડના ભાવમાં ઘટાડાનું વલણ જોવાતા આ નિર્ણય લેવાની ફરજ પડી હોવાનું સમજાય છે.

જોકે નિષ્ણાતોએ ચેતવણીનો સૂર વ્યક્ત કરતા જણાવ્યું છે કે, ઉત્પાદનમાં કાપ મૂકવા છતાં માંગમાં ઘટાડો થવાને કારણે જે ખોટ જઇ રહી છે તે સરભર નહીં કરી શકાય. ઓપેક સેક્રેટરી જનરલ મોહમ્મદ બારકિન્ડોએ જણાવ્યું છે કે, કોવિડ-૧૯ એક અણધારી આફત છે અને તેના રસ્તામાં આવી રહેલા દરેકને તે અસર કરી રહી છે. એક અંધકારનો ઓળો આપણા પર તોળાઇ રહ્યો છે. આપણે ઇચ્છતા નથી કે આ ઓળામાં આપણે ઢંકાઇ જઇએ. સમગ્ર ઉદ્યોગ જગત પર તેની દૂરોગામી અસરો જોવા મળશે.

# કોલસા મંત્રાલયે ડ્રાય ફ્યુઅલને વેગ આપવાની કરેલી જાહેરાતો

**પીટીઆઇ**
નવી દિલ્હી,તા.૧૦

લોકડાઉનને પગલે કોલસાની માંગમાં થયેલા ઘટાડાને ધ્યાનમાં લઇને પાવર મિનિસ્ટર આર.કે.સિંઘે ડ્રાય ફ્યુઅલની માંગને વેગ આપવા માટે સંખ્યાબંધ જાહેરાતો કરી છે. જેમાં લિંકેજ ધરાવતા વપરાશકારોના ડ્રાય ફ્યુઅલના પુરવઠામાં વધારા સહિત વિવિધ જાહેરાતોનો સમાવેશ થાય છે.



કોલસા મંત્રાલયે આ બાબતે વધુ વિગતો આપતા જણાવ્યું છે કે, સીઆઇએલએ કોલસાની ખરીદીમાં શાખ મળી શકે તે માટે લેટર ઓફ ક્રેડિટની સવલત કાર્યાન્વિત કરવાનો નિર્ણય લીધો છે. તેવી જ રીતે અગાઉ જણાવ્યું તેમ લિંકેજ કસ્ટમર માટેની ફાળવણીમાં વધારો કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. જો ખાણ પર કોલસાનો જથ્થો ઉપલબ્ધ હશે તો નિયત કરવામાં આવેલી ફાળવણી કરતા પણ વધારે કોલસાનો ઉપાડ તેઓ કરી શકશે.

તેવી જ રીતે જો સીઆઇએલ ઇંધણ પુરવઠા કરારમાં જે મહત્તમ મર્યાદા છે તેના કરતા વધારે કોલસાનો પુરવઠો પુરો પાડશે તો આ કિસ્સામાં વીજ વપરાશકારો પર કોઇ પરફોર્મન્સ ઇન્સેન્ટિવ લાદવામાં નહીં આવે.

હવે કોલસામાં હરાજીની કવાયત નોટિફાઇડ ભાવથી કરવામાં આવશે.

# એફસીઆઇના તમામ કર્મચારીઓને વીમાનું કવચ પૂરું પાડશે : પાસવાન

**પીટીઆઇ**
નવી દિલ્હી,તા.૧૦

ખાદ્યાન્ન પ્રધાન રામ વિલાસ પાસવાને એફસીઆઇમાં કામ કરનારા તમામને રૂા.૩૫ લાખ સુધીનું વિમા કવચ આપવાની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું છે કે, લોકડાઉનની શરૂઆત થઇ ત્યારથી છ મહિનાના સમયગાળામાં સુધીમાં કોવિડ-૧૯ના કારણે જો એફસીઆઇમાં કામ કરનાર મજૂર સહિત કોઇ પણનું અવસાન થશે તો તેને આ વિમા કવચનો લાભ આપવામાં આવશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, સરકારની માલિકીની ફુડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (એફસીઆઇ) ખેડૂતો પસેથી લઘુત્તમ ટેકાના ભાવે અનાજની ખરીદીનું કામ કરે છે. કેન્દ્ર સરકારની નોડલ એજન્સી તરીકે તે આ અંગેની કામગીરી પાર પાડે છે. દેશનાં ૮૧ કરોડ ઉપરાંતના રેશન કાર્ડ ધારકોને અનાજનો પુરવઠો પુરો પાડવાની કામગીરી સાથે એફસીઆઇ સીધી રીતે સંકળાયેલી છે.

હાલમાં એફસીઆઇમાં કામ કરનાર જો ત્રાસવાદી હુમલો, બોંબ વિસ્ફોટ, કુદરતી આપત્તીમાં મોતને ભેટે તો તેમને વળતરની જોગવાઇ છે. જોકે તેમાં કોન્ટ્રાક્ટ પર અને નિયમિતિ ધોરણે કામ કરતા મજૂરોનો સમાવેશ નથી થતો. પાસવાને વધુ વિગતો આપતા જણાવ્યું કે, એફસીઆઇમાં કામ કરતા એક લાખ ઉપરાંત કર્મચાપઓને કોવિડ-૧૯ના કટોકટીના માહોલમાં ફરજ બજાવવાના સંદર્ભમાં વિમા કવચ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

નિયમિત ધોરણે કામ કરતા મજૂરોને રૂા.૧૫ લાખ, કોન્ટ્રાક્ટ લેબરને રૂા.૧૦ લાખ અને એફસીઆઇના સત્તાવાળાઓને રૂા.૨૫ થી રૂ ા.૩૫ લાખ સુધીના વિમા કવચની જોગવાઇ છે.

તેમણે ઉમેર્યુ કે, દેશની સેવા માટે પોતાનો જીવ જોખમમા મુકીને કામ કરનારાઓનું રક્ષણ કરવા માટે સરકાર પ્રતિબધ્ધ છે.

# ખરીફ પાકની ચોમાસા પૂર્વેની વાવણી શરૂ ડાંગરના એકરેજમાં ૨૭ ટકાનું વિસ્તરણ થયું

**પીટીઆઈ**
નવી દિલ્હી, તા. ૧૦

કૃષિ મંત્રાલયના અનુસાર કોવિડ-૧૯ના લોકડાઉન બાદ દેશભરમાં ખરીફ પાકની ચોમાસા પૂર્વેની વાવણીનો ગત મોસમના ૩૨.૫૮ લાખ હેક્ટરની તુલનામાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૨૭ ટકા ઉંચા એકરેજના ડાંગરના વાવેતર સાથે પ્રારંભ થયો છે.

આ વાવેતર જે દેશના વાર્ષિક વરસાદના આશરે ૭૦ ટકા માત્રા પુરી પાડે છે એવું દક્ષિણ-પશ્ચિમ ચોમાસું (જૂન-સપ્ટેમ્બર) બેસતાની સાથે વેગ પકડશે. ઉલ્લેખનીય છે કે દાળ અને તેલિબિયા ઉપરાંત ડાંગર એક મુખ્ય ખરીફ પાક છે. મંત્રાલય દ્વારા જારી કરાયેલા તાજેતરના ડેટા અનુસાર શુક્રવારની સ્થિતિ અનુસાર ખેડૂતોએ ૩૨.૫૮ લાખ હેક્ટરમાં ડાંગરનું વાવેતર કર્યું છે, જે ગયા વર્ષના સમાન સમયગાળાના ૨૩.૮૧ લાખ હેક્ટરની તુલનામાં વધારે છે. ખરીફ ઋતુનો પ્રારંભ જૂનથી થાય છે અને તે સપ્ટેમ્બર મહિનામાં પૂર્ણ થતી હોય છે.

વાવેતરની જે પ્રદેશોમાંથી નોંધ આવી છે તેમાં મુખ્યત્વે પશ્ચિમ બંગાળ (૧૧.૨૫ લાખ હેક્ટર), તેલંગાણા (૭.૪૫ લાખ હેક્ટર), ઓડિશા (૩.૧૩ લાખ હેક્ટર), અસમ (૨.૭૩ લાખ હેક્ટર), કર્ણાટક(૧.૬૪ લાખ હેક્ટર)અને છત્તીસગઢ (૧.૫૦ લાખ હેક્ટર)નો સમાવેશ થાય છે. મંત્રાલયે જણાવ્યું હતું કે અમુક અન્ય રાજ્યો પણ આ યાદીમાં જોડાયા છે, તેમાં તમિલનાડુ (૧.૩૦ લાખ હેક્ટર), બિહાર (૧.૨૨ લાખ હેક્ટર), મહારાષ્ટ્ર (૦.૬૫ લાખ હેક્ટર), મધ્ય પ્રદેશ (૦.૫૯ લાખ હેક્ટર), ગુજરાત (૦.૫૪ લાખ હેક્ટર) અને કેરળ (૦.૪૬ લાખ હેક્ટર)નો સમાવેશ થાય છે. ઉપરોક્ત સમયગાળામાં અત્યાર સુધીમાં દાળની વાવણી ૩.૦૧ લાખ હેક્ટરના વિસ્તારમાંથી વધીને ૩.૯૭ લાખ હેક્ટર થઈ છે.


(This is only an advertisement for information purposes and not a Prospectus announcement. This does not constitute an invitation or offer to acquire, purchase or subscribe for securities. Not for publication or distribution, directly or indirectly outside India)

## LAXMI GOLDORNA HOUSE LIMITED

Corporate Identity Number : U36911GJ2010PLC059127

Our Company was originally incorporated on January 07, 2010 as "Laxmi Goldorna House Private Limited" vide Registration No. 059127/ 2009-2010 under the provisions of the Companies Act, 1956 with the Registrar of Companies, Gujarat, Dadra and Nagar Havelli. Further, our Company was converted into Public Limited Company and consequently name of company was changed from "Laxmi Goldorna House Private Limited" to "Laxmi Goldorna House Limited" vide Special resolution passed by the Shareholders at the Extra-Ordinary General Meeting held on July 08, 2017 and a fresh certificate of incorporation dated July 25, 2017 issued by the Registrar of Companies, Ahmedabad. For further details please refer to chapter titled "Our History and Certain Corporate Matters" beginning on Page 103 of the Prospectus.

**Registered Office:** Laxmi House, Opp. Bandharano Khacho, M G Haveli Road, Manek Chowk, Ahmedabad, Gujarat-380001, India
**Corporate Office:** Block No.58/106-107-108, Anandnagar Flats, B/h Venus Atlantis, Prahladnagar, Satellite, Ahmedabad-380015, Gujarat, India
**Tel No:** +91-79-2214 9482, +91-9898 033044, **E-mail:** info@laxmilifestyle.co.in, **Website:** www.laxmilifestyle.co.in
**CONTACT PERSON:** MR. JAY RAMESHCHANDRA DHOLAKIA (COMPANY SECRETARY & COMPLAINCE OFFICER)

**PROMOTERS OF OUR COMPANY: MR. JAYESH CHINUBHAI SHAH AND MRS. RUPALBEN JAYESHKUMAR SHAH**

### BASIS OF ALLOTMENT

**INITIAL PUBLIC ISSUE OF 55,20,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH ("EQUITY SHARES") OF LAXMI GOLDORNA HOUSE LIMITED ("OUR COMPANY" OR "ISSUER") FOR CASH AT A PRICE OF ₹ 15.00 PER EQUITY SHARE (INCLUDING A SHARE PREMIUM OF ₹ 5.00 PER EQUITY SHARE) ("ISSUE PRICE") AGGREGATING TO ₹ 828.00 LAKHS ("ISSUE") OF WHICH 2,88,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10.00 EACH FOR A CASH PRICE OF ₹ 15.00 PER EQUITY SHARE, AGGREGATING TO ₹ 43.20 LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY MARKET MAKER ("MARKET MAKER RESERVATION PORTION"). THE ISSUE LESS THE MARKET MAKER RESERVATION PORTION I.E. ISSUE OF 52,32,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10.00 EACH AT AN ISSUE PRICE OF ₹ 15.00 PER EQUITY SHARE AGGREGATING TO ₹ 784.80 LAKHS (IS HEREINAFTER REFERRED TO AS THE "NET ISSUE"). THE ISSUE AND THE NET ISSUE WILL CONSTITUTE 26.45% AND 25.07%, RESPECTIVELY OF THE POST ISSUE PAID UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY. FOR FURTHER DETAILS, PLEASE REFER TO SECTION TITLED "TERMS OF THE ISSUE" BEGINNING ON PAGE 187 OF THE PROSPECTUS.**

**THIS ISSUE IS BEING MADE IN TERMS OF CHAPTER IX OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018 (THE "SEBI ICDR REGULATIONS"), AS AMENDED, IN TERMS OF RULE 19(2)(B)(I) OF THE SECURITIES CONTRACTS (REGULATION) RULES, 1957, AS AMENDED (THE "SCRR"), THIS ISSUE IS BEING MADE FOR AT LEAST 25% OF THE POST-ISSUE PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY. THIS ISSUE IS A FIXED PRICE ISSUE AND ALLOCATION IN THE NET ISSUE TO THE PUBLIC WILL BE MADE IN TERMS OF REGULATION 253 OF THE SEBI (ICDR) REGULATIONS, 2018, AS AMENDED.**

**THE FACE VALUE OF THE EQUITY SHARES IS ₹ 10.00 EACH AND THE ISSUE PRICE IS ₹ 15.00. THE ISSUE PRICE IS 1.5 TIMES OF THE FACE VALUE.**

**ISSUE OPENED ON: FRIDAY, MARCH 20, 2020 AND ISSUE CLOSED ON: FRIDAY, APRIL 03, 2020***

* The Issue was originally scheduled to close on Thursday, March 26, 2020. The Issue closing was extended by 5 (five) additional working days to closed on Friday, April 03, 2020.

The Equity Shares offered through the Prospectus are proposed to be listed on the SME Platform of National Stock Exchange of India Limited ("NSE EMERGE"). Our Company has received an approval letter dated February 13, 2020 from NSE for using its name in this offer document for listing of our shares on the SME Platform of National Stock Exchange of India Limited ("NSE EMERGE"). For the purpose of this Issue, the Designated Stock Exchange will be the National Stock Exchange of India Limited. The trading is proposed to be commenced on or about April 16, 2020.*

*Subject to receipt of listing and trading approvals from the National Stock Exchange of India Limited.

All Applicants were allowed to participate in the issue through APPLICATION SUPPORTED BY BLOCKED AMOUNT ("ASBA") process by providing the details of the respective bank accounts in which the corresponding application amounts were blocked by Self Certified Syndicate Banks (the "SCSBs").

### SUBSCRIPTION DETAILS

The issue has received 105 applications for 59,20,000 Equity Shares resulting in 1.07 times subscription (including reserved portion of market maker). The details of the applications received in the issue (before technical rejections) are as follows:

**Detail of the Applications Received (Before Technical Rejection but after application not banked) :**

| Category | Number of Applications | % | Number of Equity Shares | % | SUBSCRIPTION (TIMES) |
|---|---|---|---|---|---|
| Market Makers | 01 | 0.95 | 2,88,000 | 4.86 | 1.00 |
| Retail Individual Investor's | 57 | 54.29 | 4,56,000 | 7.70 | 0.17 |
| Other than Retail Individual Investors | 47 | 44.76 | 51,76,000 | 87.43 | 1.98 |
| TOTAL | 105 | 100.00 | 59,20,000 | 100.00 | 1.07 |

**The details of applications rejected by the Registrar on technical grounds (including withdrawal) are detailed below:**

| Category | No. of Applications | No. of Equity Shares |
|---|---|---|
| Market Makers | Nil | Nil |
| Retail Individual Investors | 1 | 8,000 |
| Other than Retail Individual Investors | 1 | 16,000 |
| Total | 2 | 24,000 |

**After eliminating technically rejected applications, the following tables give us category wise net valid applications:**

| Category | Number of Applications | % | Reserved Portion (as per Prospectus) | No. of Valid Shares applied | % of Total Applied | Subscription (Times) |
|---|---|---|---|---|---|---|
| Market Maker | 1 | 100 | 2,88,000 | 2,88,000 | 100 | 1.00 |
| Total | 1 | 100 | 2,88,000 | 2,88,000 | 100 | 1.00 |

| Category | Number of Applications | %% | Reserved Portion (as per Prospectus) | Proportionate Issue Size (After rounding off) | No. of Valid Shares applied | % of Total Applied | Subscription (Times) |
|---|---|---|---|---|---|---|---|
| Retail Individual Investors | 56 | 54.90 | 26,16,000 | 4,48,000 | 4,48,000 | 7.99 | 0.17 |
| Other than Retail Individual Investors | 46 | 45.10 | 26,16,000 | 47,84,000 | 51,60,000 | 92.01 | 1.97 |
| Total | 102 | 100.00 | 52,32,000 | 52,32,000 | 56,08,000 | 100.00 | |

**ALLOCATION:** The Basis of Allotment was finalized in consultation with the Designated Stock Exchange – National Stock Exchange of India Limited on April 08, 2020

**A. Allocation to Market Maker (After Technical Rejections & Withdrawal):** The Basis of Allotment to the Market Maker, at the issue price of ₹ 15 per Equity Share, was finalised in consultation with NSE. The category was subscribed by 1.00 times. The total number of shares allotted in this category is 2,88,000 Equity shares.

**The category wise details of the Basis of Allotment are as under:**

| No. of Shares applied for (Category wise) | Number of applications received | % to Total | Total No. of Equity Shares applied in this Category | % to Total | Proportionate shares available | Allocation per Applicant before Rounding Off | Allocation per Applicant After Rounding Off | Ratio of Allottees to the Applicants Ratio 1 | Ratio of Allottees to the Applicants Ratio 2 | Number of Successful Applicants (After Rounding Off) | Total No. of Shares allocated/ allotted | Surplus / Deficit |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2,88,000 | 1 | 100.00 | 2,88,000 | 100.00 | 2,88,000 | 2,88,000 | 2,88,000 | 1 | 1 | 1 | 2,88,000 | – |
| TOTAL | 1 | 100.00 | 2,88,000 | 100.00 | 2,88,000 | 2,88,000 | 2,88,000 | 1 | 1 | 1 | 2,88,000 | – |

**B. Allocation to Retail Individual Investors (After Technical Rejections & Withdrawal):** The Basis of Allotment to the Retail Individual Investors, at the issue price of ₹ 15 per Equity Share, was finalized in consultation with NSE. The category was subscribed by 0.17 times i.e. for 4,48,000 Equity Shares. Total number of shares allotted in this category is 4,48,000 Equity Shares to 56 successful applicants.

**The category wise details of the Basis of Allotment are as under:**

| No. of Shares applied for (Category wise) | Number of applications received | % to Total | Total No. of Equity Shares applied in this Category | % to Total | Proportionate shares available | Allocation per Applicant before Rounding Off | Allocation per Applicant After Rounding Off | Ratio of Allottees to the Applicants Ratio 1 | Ratio of Allottees to the Applicants Ratio 2 | Number of Successful Applicants (After Rounding Off) | Total No. of Shares allocated/ allotted | Surplus / Deficit |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 8000 | 56 | 100.00 | 4,48,000 | 100.00 | 26,16,000 | 46714.28 | 8000 | 1 | 1 | 56 | 4,48,000 | -21,68,000 |
| TOTAL | 56 | 100.00 | 4,48,000 | 100.00 | 26,16,000 | | | | | 56 | 4,48,000 | -21,68,000 |

**C. Allocation to Other than Retail Individual Investors (After Technical Rejections & Withdrawal):** The Basis of Allotment to Other than Retail Individual Investors, at the issue price of ₹ 15 per Equity Share, was finalized in consultation with NSE. The category was subscribed by 1.97 times i.e. for 51,60,000 shares the total number of shares allotted in this category is 47,84,000 Equity Shares to 46 successful applicants.

**The category wise details of the Basis of Allotment are as under:**

| No. of Shares applied for (Category wise) | Number of applications received | % to Total | Total No. of Equity Shares applied in this Category | % to Total | Proportionate shares available | Allocation per Applicant before Rounding Off | Allocation per Applicant After Rounding Off | Ratio of Allottees to the Applicants Ratio 1 | Ratio of Allottees to the Applicants Ratio 2 | Serial Number of Qualifying applicants | Number of Successful Applicants (After Rounding Off) | Total No. of Shares allocated/ allotted | Surplus / Deficit |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 16000 | 13 | 28.26 | 208000 | 4.03 | 192843 | 14834.08 | 8000 | 1 | 1 | | 13 | 104000 | -88843 |
| | | | | | | | 8000 | 11 | 13 | 1,2,3,4,5,7, 8,9,10,12,13 | | 88000 | 88000 |
| 24000 | 4 | 8.69 | 96000 | 1.86 | 89005 | 22251.25 | 16000 | 1 | 1 | | 4 | 64000 | -25005 |
| | | | | | | | 8000 | 3 | 4 | 1,2,4 | | 24000 | 24000 |
| 32000 | 2 | 4.34 | 64000 | 1.24 | 59337 | 29668.50 | 32000 | 1 | 1 | | 2 | 64000 | 4663 |
| 40000 | 5 | 10.86 | 200000 | 3.87 | 185426 | 37085.20 | 32000 | 1 | 1 | | 5 | 160000 | -25426 |
| | | | | | | | 8000 | 3 | 5 | 1,2,3 | | 24000 | 24000 |
| 56000 | 1 | 2.17 | 56000 | 1.08 | 51919 | 51919.00 | 56000 | 1 | 1 | | 1 | 56000 | 4081 |
| 64000 | 3 | 6.52 | 192000 | 3.72 | 178009 | 59336.33 | 56000 | 1 | 1 | | 3 | 168000 | -10009 |
| | | | | | | | 8000 | 1 | 3 | 2 | | 8000 | 8000 |
| 88000 | 1 | 2.17 | 88000 | 1.7 | 81588 | 81588.00 | 80000 | 1 | 1 | | 1 | 80000 | -1588 |
| 112000 | 1 | 2.17 | 112000 | 2.17 | 103839 | 103839.00 | 104000 | 1 | 1 | | 1 | 104000 | 161 |
| 120000 | 2 | 4.34 | 240000 | 4.65 | 222512 | 111256.00 | 112000 | 1 | 1 | | 2 | 224000 | 1488 |
| 136000 | 4 | 8.69 | 544000 | 10.54 | 504360 | 126090.00 | 120000 | 1 | 1 | | 4 | 480000 | -24360 |
| | | | | | | | 8000 | 3 | 4 | 2,3,4 | | 24000 | 24000 |
| 144000 | 2 | 4.34 | 288000 | 5.58 | 267014 | 133507.00 | 136000 | 1 | 1 | | 2 | 272000 | 4986 |
| 200000 | 1 | 2.17 | 200000 | 3.87 | 185426 | 185426.00 | 184000 | 1 | 1 | | 1 | 184000 | -1426 |
| 208000 | 1 | 2.17 | 208000 | 4.03 | 192843 | 192843.00 | 192000 | 1 | 1 | | 1 | 192000 | -843 |
| 224000 | 1 | 2.17 | 224000 | 4.34 | 207678 | 207678.00 | 208000 | 1 | 1 | | 1 | 208000 | 322 |
| 296000 | 1 | 2.17 | 296000 | 5.73 | 274431 | 274431.00 | 272000 | 1 | 1 | | 1 | 272000 | -2431 |
| 312000 | 2 | 4.34 | 624000 | 12.09 | 578530 | 289265.00 | 288000 | 1 | 1 | | 2 | 576000 | -2530 |
| 320000 | 1 | 2.17 | 320000 | 6.20 | 296682 | 296682.00 | 296000 | 1 | 1 | | 1 | 296000 | -682 |
| 1200000 | 1 | 2.17 | 1200000 | 23.25 | 1112558 | 1112558.00 | 1112000 | 1 | 1 | | 1 | 1112000 | -558 |
| TOTAL | 46 | 100 | 5160000 | 100 | 4784000 | | | | | | 46 | 4784000 | 0 |

The Board of Directors of the Company at its meeting held on April 08, 2020 has approved the Basis of Allocation of Equity Shares as approved by the Designated Stock Exchange viz. NSE and in meeting held on April 09, 2020 has authorized the corporate action for issue of the Equity Shares to various successful applicants.

The CAN-cum-allotment advices and/or notices will forwarded to the email id's and address of the Applicants as registered with the depositories / as filled in the application form on or before April 15, 2020. Further, the instructions to Self Certified Syndicate Banks for unblocking the amount will processed on or prior to April 15, 2020 In case the same is not received within 10 days, investors may contact at the address given below. The Equity Shares allocated to successful applicants are being credited to their beneficiary accounts subject to validation of the account details with the depositories concerned. The Company is taking steps to get the Equity Shares admitted for trading on the SME Platform of National Stock Exchange of India Limited (NSE EMERGE) within six working days from the date of the closure of the issue.

**Note:** All capitalized terms used and not defined herein shall have the respective meanings assigned to them in the Prospectus dated March 11, 2020 ("Prospectus")

### INVESTORS PLEASE NOTE

The details of the allotment made would also be hosted on the website of the Registrar to the issue, KFIN TECHNOLOGIES PRIVATE LIMITED at www.kfintech.com. All future correspondence in this regard may kindly be addressed to the Registrar to the Issue quoting full name of the First/ Sole applicants, serial number of the Application Form, number of shares applied for and Bank Branch where the application had been lodged and payment details at the address of the Registrar given below:

**KFIN TECHNOLOGIES PRIVATE LIMITED**
SEBI Registration Number: INR000000221
Selenium Tower-B, Plot 31 & 32, Gachibowli, Financial District, Nanakramguda, Serilingampally, Hyderabad–500 032, Telangana, Tel No.:+91-040-6716 2222, Fax No.: +91-040-2343 1551
Email: laxmi.ipo@kfintech.com, Investor grievance Email – einward.ris@kfintech.com
Website: www.kfintech.com, Contact Person: Mr. M Murali Krishna

**Date : April 10, 2020**
**Place : Ahmedabad**

For, **LAXMI GOLDORNA HOUSE LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
**Mr. Jayesh Chinubhai Shah**
Chairman & Managing Director
DIN - 02479665

THE LEVEL OF SUBSCRIPTION SHOULD NOT BE TAKEN TO BE INDICATIVE OF EITHER THE MARKET PRICE OF THE EQUITY SHARES ON LISTING OR THE BUSINESS PROSPECTS OF **LAXMI GOLDORNA HOUSE LIMITED.**

**Laxmi Goldorna House Limited** is proposing, subject to market conditions, public issue of its equity shares and has filed the Prospectus with the Registrar of Companies, Gujarat, Dadar and Nagar Haveli. The Prospectus is available on the website of SEBI at www.sebi.gov.in, the website of the Lead Manager at www.beelinebroking.com, website of the National Stock Exchange of India Limited at www.nseindia.com and website of Issuer Company at www.laxmilifestyle.co.in Investors should note that investment in Equity Shares involves a high degree of risk. For details, investors shall refer to and rely on the Prospectus including the section titled "Risk Factors" beginning on page 18 of the Prospectus, which has been filed with ROC. The Equity Shares have not been and will not be registered under the US Securities Act (the "Securities Act") or any state securities law in United States and may not be issued or sold within the United States or to, or for the account or benefit of, "U.S. persons" (as defined in the Regulation S under the Securities Act), except pursuant to an exemption from, or in a transaction not subject to the registration requirements of the Securities Act of 1933.

*Garima Advt*



# મૂડી બજાર



## આરબીઆઇએ ટીએલટીઆરઓમાં રૂ.૧.૧ લાખ કરોડની બિડ મેળવી

**પીટીઆઇ**
મુંબઇ, તા. ૧૦

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ (આરબીઆઇ) આજે જણાવ્યું હતું કે તેણે ત્રણ વર્ષની અવધિ સાથે રૂા.૨૫,૦૦૦ કરોડની રકમ માટે હાથ ધરાયેલા ટાર્ગેટેડ લોન્ગ ટર્મ રેપો ઓપરેશનમાં (ટીએલટીઆરઓ) રૂા.૧.૧૩ લાખ કરોડના મૂલ્યની બિડ્ઝ મેળવી છે. આરબીઆઇએ આ હરાજીમાં ૧૮ બિડ્ઝ પ્રાપ્ત કર્યા છે. કુલ બિડ્ઝ, જે રૂા.૧.૧૩ લાખ કરોડની રકમની પ્રાપ્ત કરી છે, તે ૪.૫ના જારી કરેલી રકમને સંબંધીત પ્રાપ્ત કરેલી બિડની રકમને આવરતા ગુણોત્તરને બિડ સૂચવે છે. તેણે ૨૨.૦૪૮ કાના પ્રો રેટ ફાળવણી ટકા પર રૂ ા.૨૫,૦૧૬ કરોડની રકમની ફાળવણી કરી હતી.

ગયા મહિને આરબીઆઇએ કોઇ મેળ ન ખાતા ભંડોળને પહોંચી વળવા બેંકને મદદ કરવા માટે રૂા.૧,૦૦,૦૦૦ કરોડ સુધી કુલ રકમ માટે યોગ્ય કદની ત્રણ વર્ષની અવધી સુધી લક્ષ્યાંકિત અવધિ રેપોની હરાજી યોજવાની જાહેરાત કરી હતી. મધ્યસ્થ બેંકે જણાવ્યું હતું કે બેંક દ્વારા ટીએલટીઆરઓ હેઠળ પ્રવાહિતતા લાભ ૨૭ માર્ચ, ૨૦૨૦ના રોજ આ બોન્ડમાં તેમના રોકાણના બાકી સ્તર પર નોન કન્વર્ટિબલ ડિબેન્ચર, કોમર્શિયલ પેપર અને રોકાણ ગ્રેડ કંપની જગત બોન્ડમાં ઉપયોગ થશે.

બેંકે મ્યુચ્યુઅલ ફંડ અને બેંકિંગ સિવાયની ફાયનાન્સ કંપની સહિત સેકન્ડરી બજારમાથી બાકીના ૫૦ ટકા અન પ્રાઇમરી બજાર ઇસ્યુમાંથી યોગ્ય સાધનોનુ તેમન ધારા હોલ્ડિંગના ૫૦ ટકા સુધી પ્રાપ્ત કરવાના રહે છે.

મોરેટોરિયમ અંગે સ્પષ્ટતાનો અભાવ

## એનબીએફસીને પ્રવાહિતાના દબાણનો સામનો કરવો પડશે : ક્રિસિલ અહેવાલ

**પીટીઆઈ**
મુંબઈ, તા.૧૦

નોન બેન્કિંગ- ફાયનાન્સ કંપનીઓ (એનબીએફસી) દેશવ્યાપી લોકડાઉનના કારણે રિઝર્વ બેન્કના તેમના બેન્ક લોન પર મોરેટોરિયમ અને નબળા એકત્રીકરણ પરની સ્પષ્ટતાના અભાવને કારણે પ્રવાહિતાના પડકારનો સામનો કરે તેવી સંભાવના છે, તેમ એક અહેવાલમાં જણાવાયું હતું. રેટિંગ એજન્સી ક્રિસિલના અહેવાલ અનુસાર, નોન બેન્કિંગ ફાયનાન્સ કંપનીઓ બમણી સમસ્યાનો સામનો કરે તેવી શક્યતા છે કારણ કે તેઓ તેમના ગ્રાહકોને મોરેટોરિયમની સુવિધા આપી રહી છે જ્યારે તેમને તેમના માટે ધિરાણકર્તા બેન્ક તરફથી મોરેટોરિયમ મળતું નથી. રેટિંગ એજન્સીના સિનિયર ડાયરેક્ટર ક્રિશ્નન સિતારામને જણાવ્યું હતું કે, નવા નાણાં ભંડોળમાં આવતા પડકારો અને નાણાં પરત થવાની આશાઓ ન હોવાની વાતને ધ્યાનમાં રાખીને, કેટલીક એનબીએફસીને જો તેમની પોતાની બેન્ક લોનો પર મોરેટોરિયમ નહીં અપાય અને તેમને સમયસર નાણાં પરત કરવાનું જણાવવામાં આવે તો તેમને પ્રવાહીતાના પડકારોનો સામનો કરવો પડી શકે છે. કોરોનાવાઈરસની અસરને કારણે ઊભી થયેલી પ્રવાહિતાની પરિસ્થિતિમાં આરબીઆઈએ રાહત પેકેજ જાહેર કર્યા હતા જેમાં તા.૧લી માર્ચ, ૨૦૨૦ સુધીમાં બાકી નીકળતી લોનની રકમ પર ત્રણ મહિનાનો મોરેટોરિયમ સમયગાળો આપવામાં આવ્યો હતો. એનબીએફસી કંપનીઓએ આરબીઆઈ પાસે મોરેટોરિયમ બાબતે સ્પષ્ટતા માગી છે અને સામાન્ય પ્રવાહીતાના વિન્ડોનો ઉપયોગ કરવાની મંજૂરી માગી છે, જેનાથી તેમને બેન્ક માટે ઉપલબ્ધ છે તેવી માળખાકીય પ્રવાહિતાની મદદ મળી શકે. તેણે જણાવ્યું હતું કે, લગભગ ત્રણ ચતુર્થાંશ એનબીએફસી પાસે તા.૩૧મી મે, ૨૦૨૦ સુધીમાં મૂડી બજારના ઋણ પરત કરવા માટે ત્રણ ગણા વધારે પ્રવાહિતા હશે અને આ સમય દરમિયાન મોરેટોરિયમ પૂરૂ થઈ જાય છે જ્યારે માત્ર ૩ ટકા એનબીએફસી પાસે એક ગણાથી ઓછું પ્રવાહિતા માટેનું નાણું હશે. જેની પાસે એક ગણાથી ઓછુ પ્રવાહીતા માટેનું નાણું હશે તેઓ નાણાંની સમયસર પરત ચુકવણી નહી કરી શકે, જો તેમને એકત્રીકરણ, બાહ્ય મદદ, અથવા વાધારાના ધિરાણ અથવા નાણાં ભંડોળ નહીં આપવામાં આવે તો. જો બેન્કના ઋણ પર મોરેટોરિયમ ન હોય તો, ૩૭ ટકા ક્રિસિલ રેટેડ એનબીએફસીને તા.૩૧મી મે ૨૦૨૦ સુધી કુલ દેવાની પરત ચુકવણી માટે ત્રણ ગણાથી વધુ પ્રવાહી નાણું હશે, જ્યારે ૧૧ ટકા એનબીએફસી પાસે એક ગણાથી ઓછું નાણું હશે.

કોવિડ-૧૯ કટોકટી

## બીએસઈએ બજારના ખેલાડીઓને સાયબર હુમલાની ચેતવણી આપી

**પીટીઆઈ**
નવી દિલ્હી, તા.૧૦

અગ્રણી શેરબજાર બીએસઈએ કોવિડ-૧૯ના રોગચાળો ફાટી નીકળતા મોબાઈલ ફોન અને ટેબ્સનો વપરાશ વધવાથી સાયબર હુમલા અંગે ચેતાવણી આપી છે. આ રોગચાળો ફાટી નીકળતા કેટલાક સંસ્થાઓએ વર્ક ફ્રોમ હોમની મંજૂરી આપી છે, તેની સાથે કર્મચારીઓને તેમનો વ્યવસાય ચલાવવા માટે મોબાઈલ ફોન, ટેબ્સ અને પર્સનલ લેપટોપનો ઉપયોગ કરી રહ્યાં છે. તેના પરિણામે ડિજિટલ નિર્ભરતા પર અભૂતપૂર્વ વધારો થઈ રહ્યો છે અને કેટલાક કાર્ય રિમોર્ટ મોનિટરિંગ મોડમાં કોઈ શકે છે. સાયબર ગુનાહગારો ઉપયોગ અને વપરાશકર્તાઓ અને કમ્પ્યુટિંગ ઉપકરણોને ઉપયોગમાં લેવાની તક તરીકે ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે, તેમ એક્સચેન્જે નોંધ્યું હતું. તદ્દનુસાર, બીએસઈએ આવી ધમકીઓ સામે બજારને મધ્યસ્થીને સાવધાન રહેવાની ચેતાવણી આપી છે અને તેની સાથે મોબાઈલ ફોનના સુરક્ષિત અને યોગ્ય ઉપયોગમાં શ્રેણીબદ્ધ સલાહો બહાર પાડી છે. મૂડી બજારોના નિયમનકારની ભલામણો અને અન્ય સાયબર સિક્યુરિટીઝ એજન્સી સીઈઆરટી દ્વારા ઈસ્યૂ કરવામાં આવેલી માર્ગદર્શિકાનું કડક રીતે સેબી અને અન્ય નિયમનકારી કંપનીઓને, મ્યુચ્યુઅલ ફંડ્સ, બજાર મધ્યસ્થીઓ તથા બજારની માળખાકીય સંસ્થાઓને તેનું પાલન કરવાનું પરિપત્રમાં જણાવ્યું હતું. કોઈ ઘટના બને તો આ સંબંધિત આધિકારીઓને આ બાબતે જાણ કરો અને તે મુજબ શેરબજાર માહિતી આપો, તેમ બીએસઈએ જણાવ્યું હતું. કર્મચારીઓ અને વિક્રેતાઓને ઘરથી કામ કરવાની સલાહ આપવામાં આવી છે, એક્સચેન્જે કાર્ય કરવા માટે અવિશ્વસનિય વાઈ-ફાઈ હોટસ્પોટની જગ્યાએ પોતાના ૩જી અથવા ૪જી કનેક્શનનો ઉપયોગ કરવો જોઈએ. આ ઉપરાંત હેકર્સને ઘરના નેટવર્કનો ઉપયોગ કરવાથી રોકવા માટે વાઈ-ફાઈના પાસવર્ડમાં ફેરફાર કરવા સૂચન કરવામાં આવ્યુ છે. મોબાઈલ ફોન, ટેબ્સ, ડેક્સટોપ અને લેપટોપ સહિત તમામ પર્સનલ ડિવાઈઝના એન્ટિ-વાઈરસ અને માલવેર પ્રોટેક્સન સોફ્ટવેરના તાજેતરના વર્ઝનને અપડેટ કરવું, તેમ બીએસઈએ જણાવ્યું હતું.

કોવિડ-૧૯ હેલ્થ ઇન્સ્યોરન્સ માટે

## આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ, ગો ડિજિટ, ફ્લિપકાર્ટે હાથ મિલાવ્યા

**પીટીઆઈ**
નવી દિલ્હી, તા.૧૦

આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ, ગો ડિજિટ જનરલ ઈન્સ્યોરન્સ અને ફ્લિપકાર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ સંબંધિત આરોગ્યની પોલિસી માટે તેઓએ હાથ મિલાવ્યા છે.

આ કવરમાં સરળ દાવા સહિત હોસ્પિટલાઈઝેશન કવર, રૂમ અથવા સઘન સંભાળ એકમ ભાડું, એમ્બ્યુલન્સ સહાયતા અને ટેલિકન્સલ્ટેશનનો સમાવેશ થયા છે.

આ ઉપરાંત, ડિજિટલ ક્લેમની સાથે પોલિસીના ખરીદી કરતી વખતે મેડિકલ ટેસ્ટની જરૂર પડતી નથી. બે આરોગ્ય પોલિસી વૈશ્વિક માહામારી માટે હેલ્થ કવર આપી રહી છે, તેમ કંપનીઓએ તેના સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું. ઉદ્યોગે અંદાજ મૂક્યો છે ભારતની કુલ જનસંખ્યામાં ૫૬ ટકા લોકો કોઈપણ આરોગ્ય કવર હેઠળ આવતા નથી.

આઈસીઆઈસીઆઈ લોમબાર્ડ અને ગો ડિજિટ સાથે ભાગીદારી કરીને ફ્લિપકાર્ટે વિવિધ રેન્જની આરોગ્ય વીમા પોલિસી ઓફર કરે છે, તેમ તેમણે જણાવ્યું હતું. કોઈપણ વ્યક્તિને કોવિડ-૧૯ની તપાસ પોઝિટિવ આપશે તો કોવિડ-૧૯ પ્રોટેક્શન કવર દ્વારા આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ તાત્કાલિક રૂપિયા ૨૫,૦૦૦ કરોડ લાભ આપશે. આ પોલિસીનું પ્રિમિયન રૂપિયા ૧૫૯ પ્રતિ વર્ષ રાખવામાં આવ્યું છે. આ પોલિસી એમ્બ્યુલન્સ સહાય ઉપરાંત આરોગ્ય સહાય લાભ, વર્ચ્યુઅલ અને ટેલીકોન્યુલેશન લાભ પ્રદાન કરે છે. સૌથી મહત્ત્વની વાતએ છે કે, ફ્લિપકાર્ટના ગ્રાહકો ક્લેઈમના દસ્તાવેજો માટે હાર્ડ કોપીની જગ્યાએ વીમાદાતાની દસ્તાવેજની ડિજિટલ નકલ સબમિટ કરાવવાની મંજૂરી આપે છે.

## નાના શેરો માર્ચ મહિનામાં વેચવાલીના ભારે દબાણ હેઠળ ૩૦% સુધી પછડાયા

**પીટીઆઈ**
નવી દિલ્હી, તા.૧૦

કોવિડ-૧૯ની કટોકટીને કારણે છેલ્લા એક મહિનામાં બીએસઈ સ્મોલ અને મીડ-કેપ ઈન્ડેક્સમાં ૩૦ ટકા સુધીનો કડાકો આવ્યો છે. માર્ચ મહિનામાં કોવિડ-૧૯ની અસરો સંબંધિત ચિંતાને કારણે રોકાણકારોનું વલણ બગડતા સ્થાનિક શેરબજારોમાં જંગી ઘટાડો આવ્યો છે. કોરોનાવાઈરસને કારણે લોકડાઉન થતા વૈશ્વિક મંદીનો ભય જોવા મળી રહ્યો છે. માર્ચ મહિનામાં બીએસઈ મીડ-કેપ ઈન્ડેક્સ ૪,૦૩૦.૦૯ પોઈન્ટ અથવા ૨૭.૬૦ ટકા ઘટ્યો છે, જ્યારે સ્મોલ કેપ ઈન્ડેક્સ ૪,૧૦૦.૦૯ પોઈન્ટ અથવા ૨૯.૯૦ ટકા કડાકામાં જોવા મળ્યો હતો. છેલ્લા એક મહિનામાં દરમિયાન સેન્સેક્સ ૮,૮૨૮.૮ પોઈન્ટ અથવા ૨૩ ટકા ઘટ્યો હતો. મોતીલાલ ઓશવાલ સિક્યુરિટીઝ લિમિટેડે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે, કોરોનાવાઈરસ ફાટી નીકળતા વૈશ્વિક ઈક્વિટી બજારોની સાથે છેલ્લા એક મહિનામાં (૨૦ માર્ચ સુધીમાં નિફટી ૨૩ ટકા ઘટી) ભારતીય ઈક્વિટી બજારમાં જંગી કડાકો આવ્યો છે. ૨૪ માર્ચ સુધીમાં જંગી વેચવાલીને પગલે બેન્ચમાર્ક ઈન્ડેક્સ એક વર્ષને તળિયે ૨૫,૬૩૮.૯ પર બંધ રહ્યો હતો, અગાઉ ૨૦ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ સેન્સેક્સ ૪૨,૨૭૩.૮૭ની નવી વિક્રમી સપાટીએ પહોંચ્યો હતો.

૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ મીડ કેપ ઈન્ડેક્સ ૧૫,૯૩૦.૭૮ના એક વર્ષની ટોચે પહોંચ્યા પછી ૨૪ માર્ચ, ૨૦૨૦ના રોજ ૯,૫૫૫.૨૪ના એક વર્ષને તળિયે પહોંચ્યો હતો. માર્ચ મહિનામાં ઈક્વિટી બેન્ચમાર્કસમાં સૌથી મોટો એક દિવસિય કડાકો આવ્યો હતો. કોવિડ-૧૯ ફાટી નીકળતા રોકાણકારોમા જોખમનું વલણ વધતા વૈશ્વિક બજારોની સાથે સ્થાનિક ઈક્વિટી બેન્ચમાર્કમાં પણ ઘટાડો થયો હતો. વિશ્લેષ્કોના અનુસાર, અનિશ્ચિતતાને કારણે મીડ અને સ્મોલ કેપના જંગી વેચવાલી પછી વધુ ખરાબી જોવા મળી હતી.

ચાલુ વર્ષ અત્યાર સુધીમાં સ્મોલ કેપ ઈન્ડેક્સ ૩,૪૦૫.૬૨ પોઈન્ટ અથવા ૨૪.૮૫ ટકા ઘટ્યો છે, જ્યારે મીડ કેપ ૩,૫૯૩.૪૮ પોઈન્ટ અથવા ૨૪ ટકા ઘટ્યો હતો. ૨૦૨૦માં અત્યાર સુધીમાં ૩૦ શેરોનો પેક બીએસઈ સેન્સેક્સ ૧૦,૦૯૪.૧૨ પોઈન્ટ અથવા ૨૪.૪૬ ટકા ઘટ્યો છે. ગત વર્ષે બજારોએ નવી વિક્રમી સપાટી બનાવી હતી, જેમાં બીએસઈ સેન્સેક્સે ૪૦,૦૦૦ની ઐતિહાસિક સપાટી તોડી હતી, જ્યારે એસએનઈ નિફ્ટીએ ૧૨,૦૦૦ના સ્તરને વટાવી ગઈ હતી.

## પિરામલ એન્ટરપ્રાઇઝીસના બોર્ડમાંથી અરુંધતી ભટ્ટાચાર્યએ રાજીનામું આપ્યું

**પીટીઆઇ**
નવી દિલ્હી, તા. ૧૦

પિરામલ એન્ટરપ્રાઇઝિસે જણાવ્યું છે કે તેના બોર્ડે ૧૬ એપ્રિલ,૨૦૨૦ના રોજથી કંપનીના સ્વતંત્ર ડિરેક્ટર તરીકે એસબીઆઇના ભૂતપૂર્વ ચેરમેન અરુંધતી ભટ્ટાચાર્યનું રાજીનામું સ્વીકાર્યું છે. રાજીનામા પત્રમાં ભટ્ટાચાર્યે એવો નિર્દેશ કર્યો છે હતો કે બીજી કંપનીમાં ચેરપર્સન અને સીઇઓ તરીકે સંપૂર્ણ સમયની ભૂમિકા સ્વીકારવાના તેમના નિર્ણયમાં તેમના રાજીનામા માટે કારણ છે અને તે પ્રમાણે તેમને તેમના હયાત નોન-એક્ઝિક્યુટીવ



એસાઇમેન્ટને રોકવાની જરૂર છે, તેમ પિરામલ

એન્ટરપ્રાઇઝિસે બોમ્બે સ્ટોક એક્સચેન્જને (બીએસઇ) એક નિયમનકારી યાદીમાં જણાવ્યું હતું. બોર્ડે અરુંધતી ભટ્ટાચાર્યનું રાજીનામું સ્વીકાર્યું હતું અને નોંધ્યું હતું કે તેઓ ૧૬ એપ્રિલ,૨૦૨૦થી તેની સમિતિ સાથે કંપનીના બોર્ડના સ્વતંત્ર ડિરેક્ટર તરીકે રાજીનામું આપશે. તેમણે પુષ્ટી કરી હતી કે બીજુ કારણ નથી, તેમ કંપનીએ જણાવ્યું હતું. હું સલાહ આપવા માગુ છું કે મે યુએસમાં કંપની મુખ્ય મથક સેલફોર્સની ભારતીય કામગીરી માટે ચેરપર્સન અને સીઇઓ તરીકે સંપુર્ણ સમયની એક્ઝિક્યુટીવ ભૂમિકા સ્વીકારવાનો નિર્ણય લીધો છે. તે પ્રમાણે કંપનીએ મારા હયાત નોન-એક્ઝિક્યુટિવ એસાઇમેન્ટનને રોકવા મને જણાવ્યું છે.

## એયુ સ્મોલ ફાયનાન્સ બેન્કે વર્માની તેના ચેરમેન તરીકે કરેલી નિમણૂંક

**પીટીઆઇ**
નવી દિલ્હી, તા. ૧૦

એયુ સ્મોલ ફાયનાન્સ બેંકે આજે જણાવ્યું હતું કે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ (આરબીઆઇ) એક વર્ષના સમયગાળા માટે બેંકના પાર્ટ-ટાઇમ ચેરમેન તરીકે રાજ વિકાસ વર્માની નિમણૂંક કરવાની દરખાસ્તને મંજૂર કરી છે.

આરબીઆઇએ એયુ સ્મોલ ફાયનાન્સ બેંકના એમડી અને સીઇઓ તરીકે સંજય અગ્રવાલની પુનઃનિમણૂંકને પણ બહાલી આપી છે, તેમ બેંકે એક નિયમનકારી યાદીમાં જણાવ્યું હતું. રિઝર્વ બેંકે ત્રણ વર્ષના સમયગાળા માટે બેંકના સંપૂર્ણ સમયના ડિરેક્ટર તરીકે ઉત્તમ તિબરવાલની પુનઃનિમણૂંકને પણ તેની મંજૂરી આપી છે. વર્મા ૧૮ જાન્યુઆરીના રોજ એયુ ફાયનાન્સ બેંકમાં એક સ્વતંત્ર ડિરેક્ટર તરીકે સામેલ થયા હતા, તેમ બેંકે જણાવ્યું હતું. આરબીઆઇએ બેંકના એમડી અને સીઇઓ તરીકે સંજય અગ્રવાલની પુનઃનિમણૂંકને પણ મંજૂરી આપી છે. અગ્રવાલ, જેઓ ૧૯૯૬માં (અગાઉની એયુ ફાયનાન્સિયર્સ (ઇન્ડિયા) લિમિટેડ) તેની શરુઆતથી અત્યાર સુધી આ સંસ્થા સાથે જોડાણ ધરાવે છે અને તેઓ તેના સ્થાપક પણ છે. નેશનલ હાઉસિંગ બેંકના ભૂતપૂર્વ ચેરમેન અને એમડી વર્મા નાણાંકીય સેવાઓના ક્ષેત્રમાં ખાસ કરીને રિયલ્ટી સેક્ટર, મોર્ગેજ ફાયનાન્સ, હાઉસિંગ ફાયનાન્સ, નિયમનકારી દેખરેખ અને વિકાસલક્ષી ધિરાણના ક્ષેત્રમાં ૩૭ વર્ષનો મજબૂત અનુભવ ધરાવે છે. તેમણે દિલ્હી સ્કુલ ઓફ ઇકોનોમિક્સમાંથી અર્થશાસ્ત્રમાં તેમનું ગ્રેજ્યુએશન અને પોસ્ટગ્રેજ્યુએશન પૂરું કર્યું છે અને એફએમએસ- દિલ્હી યુનિવર્સિટીમાંથી બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં માસ્ટર ડિગ્રી ધરાવે છે.

## મ્યુચ્યુઅલ ફંડ્ઝે એસઆઈપી વડે રૂપિયા ૧ લાખ કરોડ ઊભા કર્યા

**પીટીઆઈ**
નવી દિલ્હી, તા.૧૦

૨૦૧૯-૨૦માં એસઆઈપી મારફતે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણકારોએ રૂપિયા એક લાખ કરોડ ઠાલવ્યા છે, કોરોનાવાઈરસના રોગચાળાને કારણે બોર્ડર માર્કેટમાં સખ્ત અફરાતફરીની વચ્ચે મ્યુચ્યુઅલ ફંડ્સમાં અગાઉના નાણાંકીય વર્ષની તુલનાએ આઠ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. છૂટક રોકાણકારો દ્વારા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા માટે સ્ટિમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન અથવા એસઆઈપી રૂટની પસંદગી સૌથી વધારે પ્રમાણમાં થઈ રહી છે. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયાના (એએમએફઆઈ) અનુસાર, નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં એસઆઈપીનો ફાળો ૨૦૧૮-૧૯ના રૂપિયા ૮,૨૦૦ કરોડથી વધીને રૂપિયા ૧,૦૦,૦૮૪ કરોડ થયો છે. છેલ્લા ૧૨ મહિનામાં એસઆઈપીનો ઈનફ્લો સરેરાશ રૂપિયા ૮,૨૦૦ કરોડ રહ્યો છે. ગ્રોવના સીઓઓ અને સહ સ્થાપક હરેશ જૈને જણાવ્યું હતું કે, એસઆઈપી દ્વારા રોકાણકારો સારી તક જોઈ રહ્યાં છે એસઆઈપી મારફતે મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણકારોમાં રોકાણ કરીને પોતાને વિશ્વાસ બતાવી રહ્યા છે જે ખુબજ પ્રોત્સાહક છે. માર્ચ ૨૦૧૯થી માર્ચ ૨૦૨૦ની વચ્ચે મોટાભાગના એસઆઈપી ખાતાઓમા ૧૯ ટકાની વૃદ્ધિ જોવા મળી રહી છે, તેમ યુનિયન એએમસીના સીઈઓ, જી પ્રદિપકુમારે જણાવ્યું હતું. એએમએફઆઈના ચીફ એક્ઝિક્યુટિવ, એનએસ વેંકટેશે જણાવ્યું હતું કે, મોટાભાગની અનિશ્ચિતતાની સ્થિતિ એક તક સમાન હોય છે. અત્યાર છૂટક રોકાણકારો ઈક્વિટી ફંડ્સમાંથી બહાર નીકળવાને બદલે એયુએમ અને ફોલિયોમાં વધુ રોકાણકારી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોથી એસઆઈપીના ઈનફ્લોમાં અપટ્રેડ જોવા મળી રહ્યું છે. ૨૦૧૭-૧૮માં રોકાણ રૂપિયા ૬૭,૦૦૦ કરોડ થયુ છે, ૨૦૧૬-૧૭માં રૂપિયા ૪૩,૯૦૦ કરોડથી વધુનું રોકાણ કરવામાં આવ્યુ છે. ગત નાણાંકીય વર્ષે સરેરાશ રૂપિયા ૨,૭૫૦ ટિકિટ સાઈઝ સાથે ૯.૯૫ લાખ એસઆઈપી ખાતાઓમાં ઉમેરો થયો હતો. મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગના ૪૪ ખેલાડીઓમાં એસઆઈપી ઈનફ્લો જોવા મળે છે.



## કોર્પોરેટ



# બજેટ એરલાઇન ઈન્ડિગો તેની ભોજનની સેવાને સસ્પેન્ડ કરશે

**પીટીઆઈ**
નવી દિલ્હી, તા.૧૦

જ્યારે ભારતમાં કોરોનાવાઈરસને કારણે લદાયેલું લોકડાઉન પૂર્ણ થઈ જશે અને ફ્લાઈટોને ફરીથી કામકાજની મંજૂરી અપાશે ત્યારે ઈન્ડિગો તેના વિમાનોની ચોકસાઈપૂર્વક સફાઈ કરશે, ટુંક સમય પુરતી ફ્લાઈટોમાં ભોજનની સુવિધાને અટકાવી દેશે અને એરપોર્ટની બસોમાં ક્ષમતાના મહત્તમ ૫૦ ટકા યાત્રીઓને જ બેસાડશે, તેમ એરલાઈનના સીઈઓ રોનોજોય દત્તાએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આવી પરિસ્થિતિમાં, કંપનીઓ વૃદ્ધિ અથવા નફાકારકતા બાબતે કામ નથી કરી રહી પરંતુ પ્રવાહીતા બાબતે કામ કરી રહી છે. તેનો મતલબ એ થાય કે અમારૂ એક માત્ર ધ્યાન રોકડ પ્રવાહ પર છે. અમે અમારા નિશ્ચિત ખર્ચનું મૂલ્યાંકન કરી રહ્યા છીએ અને તેને ઘટાડવાના પ્રયાસો જારી છે. દત્તાએ જણાવ્યું હતું કે, ઈન્ડિગોની લોકડાઉન બાદની યોજના પ્રમાણે સેવાઓ પ્રથમ શરૂ કરાશે અને ધીમે ધીમે ક્ષમતા વધારાશે.

અમે હંમેશા સલામતિનું ધ્યાન રાખ્યું છે અને હવે આરોગ્ય પ્રત્યે ધ્યાન આપીશું. આ ધ્યાનમાં રાખીને, અમે અમારી કામકાજની શૈલીમાં બદલાવ બાબતે વિચારી રહ્યા છીએ. નવી પ્રક્રિયાની વિગતોને હજુ અંતિમ રૂપ નથી અપાયું. દત્તાએ જણાવ્યું હતું કે, અમે અમારા વિમાનોને ચોક્કસાઈપૂર્વક સાફ કરીશું, અમે થોડા સમય માટે ભોજન સુવિધાને બંધ કરીશું અને અમે અમારા કોચને મહત્તમ ૫૦ ટકાની ક્ષમતા પર દોડાવીશું. અમે ટુંક સમયમાં અમારી નવી કામકાજની પદ્ધતિની જાહેરાત કરીશું. ભારતમાં કોરોનાવાઈરસની મહામારીને ખાળવા તા.૧૪મી એપ્રિલ સુધીનું ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરેલ છે. તેના કારણે તમામ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટોના કામકાજ બંધ રાખેલ છે. એરલાઈનની આવક ખૂબ જ તીવ્ર ગતિએ ઘટી રહી છે.

### કોવિડ-૧૯ કટોકટી

# ઘણી કંપનીઓ માટે ઉત્પાદકતામાં ઘટાડો સૌથી મોટી એક માત્ર ચિંતા છે : ઇવાય

**પીટીઆઈ**
નવી દિલ્હી, તા.૧૦

લગભગ ૭૨ ટકા જેટલી કંપનીઓ માને છે કે, કોરોનાવાઈરસ મહામારીની અસર છ મહિના કરતાં વધુ ચાલશે અને એક સૌથી મોટી ચિંતાનો વિષય એ છે કે, ઉત્પાદકતામાં બહુ મોટો ઘટાડો થશે, તેમ કંસલ્ટન્સી અને એડવાઈઝરી સેવા પૂરી પાડતી કંપની ઈએન્ડવાયે જણાવ્યું હતું. હાલ ચાલતા આરોગ્યલક્ષી સંકટને કારણે કંપનીઓએ એચઆર પ્રક્રિયા અને કામકાજને ડિજિટલ કરવા બાબતે વિચારવું પડશે, તેમ ઈવાયે જણાવ્યું હતું. ઈએન્ડવાયે જણાવ્યું હતું કે, આ સર્વે કોવિડ-૧૯ની અસરો બાબતે દરેક ક્ષેત્રના ૧૦૦થી વધુ કંપનીઓના આયઆર હેડ અથવા ચીફ એચઆર ઓફિસર પર કરવામાં આવ્યો હતો અને તેમની આ પરિસ્થિતિ બાબતની જાણકારી માગી હતી. સર્વેમાં જણાવાયું હતું કે, કોવિડ-૧૯ની અસરો સમગ્ર કંપનીમાં જણાશે જ્યારે ૭૨ ટકા કંપનીઓએ જણાવ્યું હતું કે, તેની અસરો છ મહિનાથી વધુ ચાલશે. તેણે ઉમેર્યું હતું કે, લગભગ ૭૦ ટકા





કંપનીઓ માને છે કે, ઘરેથી કામ કરવા બાબતે સૌથી મોટો પડકાર ઉત્પાદકતામાં ઘટાડો થવો તે છે. આ કારણસર કંપનીઓ આયઆર પ્રક્રિયા પર ફરીથી વિચાર કરી રહી છે. સર્વેમાં જણાવાયું હતું કે, ૭૦ ટકા કરતાં વધુ કંપનીઓ ભરતી માટે ટેકનોલોજીનો ઉપયોગ કરી રહી છે અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, રોબોટિક પ્રોસેસ ઓટોમેશન અને મશિન લર્નિંગ જેવી ટેકનોલોજી આ બદલાવમાં સામેલ છે. સર્વેમાં જણાવાયું હતું કે, ૫૦ ટકા કરતાં ઓછી કંપનીઓ આ સંકટનો સામનો કરવા સજ્જ છે જ્યારે ૩૫ ટકા કંપનીઓ આ સંકટ લંબાય તો કામકાજ માટે તૈયાર છે અને ૧૦ ટકા કરતાં ઓછી કંપનીઓએ આ સંકટ માટે નવી યોજના ઘડી છે.

### ગુરગાંવ પલવાલ ટ્રાન્સમિશન પ્રોજેક્ટ

# ઇન્ડિગ્રિડના પ્રોજેક્ટ મેનેજરના બોર્ડે હસ્તાંતરણની દરખાસ્તને મંજૂર કરી

**પીટીઆઇ**
નવી દિલ્હી, તા. ૧૦

ઇન્ફ્રાસ્ટ્રકચર ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ ઇન્ડિગ્રિડે જણાવ્યું હતું કે તેના ઇન્વેસ્ટમેન્ટ મેનેજરના બોર્ડે સ્ટરલાઇટ પાવર પાસેથી રૂા.૧,૦૮૦ કરોડ મૂલ્યમાં ગુરગાંવ પલવાલ ટ્રાન્સમિશન પ્રોજેક્ટનું હસ્તાંતરણ કરવાની દરખાસ્તને મંજૂરી આપી છે. વીજ ક્ષેત્રમાં ભારતનું પ્રથમ આઇએનવીઆઇટી ઇન્ડિગ્રિડના બોર્ડ ઓફ ઇન્વેસ્ટમેન્ટ મેનેજરે રૂા.૧,૦૮૦ કરોડ (૧૪૦



મિલિયન ડોલર)ના મૂલ્યમાં સ્ટરલાઇટ પાવર પાસેથી ગુરગાંવ પલવાલ ટ્રાન્સમિશન લિમિટેડના (જીટીપીએલ) હસ્તાંતરણને મંજૂરી આપી છે, તેમ ઇન્ડિગ્રિડે એક નિવેદનમાં જણાવ્યું હતું. એક નિવેદન પ્રમાણે, હસ્તાંતરણથી ઇન્ડિગ્રિડની એયુએમ (સંચાલન હેઠળ અસ્ક્યામત) ૧૦ ટકા વધીને ૧.૭૫ અબજ ડોલર થશે. ઇન્ડિગ્રિડનો પોર્ટફોલિયો ૭ પેટા સ્ટેશન અને ૨૫ વીજ ટ્રાન્સમિશનના કુલ નેટવર્ક સાથે દસ પાવર ટ્રાન્સમિશન પ્રોજેક્ટને વધશે જે આ હસ્તાંતરણ પછી ૧૫ રાજ્યોમાં ૧૦,૭૩૫ એમવીએ અને ૬,૦૮૦ સર્કિટ કિલોમિટર કરતા વધુ વિસ્તાર ધરાવે છે. ઇન્ડિગ્રિડે કાર્યરત થવા પર જીપીટીએલના હસ્તાંતરણ માટે સ્ટેરલાઇટ પાવર સાથે એપ્રિલ ૨૦૧૯માં માર્ગદર્શિકા કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ઇન્ડિગ્રિડ નાણાંકીય મજબૂત ઉપાડનાર, કામગીરી દેખરેખ રેકોર્ડ અને મજબૂત વીજ ખરીદી કરાર સાથે સૌર પ્રોજેક્ટ હસ્તાંતરણ કરવાની પણ તપાસ કરી છે. ચાલુ વર્ષે ઇન્ડિગ્રિડે પ્રેફરન્સિયલ ઇસ્યુના માર્ગ દ્વારા રૂા.૨,૫૧૦ કરોડની મૂડી ઉભી કરી છે.

### દેશવ્યાપી લોકડાઉન

# ગોદરેજ અને મારિકો દેશ-વિદેશના બિઝનેસ-આવકમાં ઘટાડો નોંધાવશે

**પીટીઆઇ**
નવી દિલ્હી, તા. ૧૦

કોવિડ-૧૯ સંકટને કારણે બે અગ્રણી એફએમસીજી કંપની - ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ અને મારિકોએ તેના સ્થાનિક અને વૈશ્વિક બિઝનેસમાં વિક્ષેપ નોંધાવ્યો છે અને તેની પ્રથમ ત્રિમાસિક ગાળાની આવકમાં મોટા ઘટાડાની અપેક્ષા રાખી રહી છ .





ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડે (જીસીપીએલ) જણાવ્યું હતું કે તે જાન્યુઆરી-માર્ચ ત્રિમાસિક ગાળામાં આવકમાં ઊંચો ઘટાડો નોંધાવશે. મારિકોએ જણાવ્યું છે કે તેના પ્રથમ ત્રિમાસિક ગાળા માટેના ઇબીઆઇટીડીમાં ઘટાડો જોવા મળશે. આનું કારણ એ છે કે, કોવિડ-૧૯ રોગચાળો અને લોક ડાઉનને કારણે કંપનીના દેશી-વિદેશી કારોબાર અને કામગીરીની આવકમાં ઘટાડો નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા છે. મારિકોએ આવા અભૂતપૂર્વ સમયમાં ઘટેલા વેચાણની અસરને ઓછી કરવા માટે આક્રમક ખર્ચ સંચાલન કવાયત શરુ કરી દીધી છે. મારિકોના આંતરરાષ્ટ્રીય બિઝનેસને કોવિડ-૧૯ના રોગચાળાને કારણે માઠી અસર થઇ છે. જીસીપીએલએ મધ્ય માર્ચ સુધી સ્થિર માગ જોઇ હતી. ઘણા ભૌગોલિક સ્થળોમાં લોકડાઉન આ મહિનાના પછી વર્ચ્યુઅલ વેચાણ ન થવામાં પરિણમ્યું છે. તેથી તે આ ત્રિમાસિક ગાળા માટે વેચાણની કામગીરી પર નોંધપાત્ર અસર ધરાવે છે.

જીસીપીએલએ જણાવ્યું હતું કે તેણે બજાર હિસ્સો વધારવાનું ચાલુ રાખ્યું છે. ભારત વાઇરસના પ્રસારને અટકાવવા માટે ૧૪ એપ્રિલના અંતે ત્રણ સપ્તાહ માટેનું લોકડાઉન પૂરું કરવા જઇ રહ્યું છે.

# ટાઈપાએ બીએસએનએલને તત્કાળ બાકી લેણાં ચૂકવી દેવા હુકમ કર્યો

**પીટીઆઈ**
નવી દિલ્હી, તા.૧૦

ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓએ બીએસએનએલને તત્કાળ ધોરણે કુલ રૂપિયા ૧,૫૦૦ કરોડના બાકી લેણા ચુકવી દેવા આદેશ કર્યો છે અને જણાવ્યું હતું કે તેઓ ટેલિકોમ નેટવર્કની જાળવણી માટે અત્યંત જરૂરી ખર્ચાઓને પહોંચી શકતા નથી. કંપનીઓએ જણાવ્યું હતું કે, નાણાં ન ચુકવવાને કારણે દેશમાં વિવિધ ભાગોમાં મોબાઈલ સેવાઓમાં વિક્ષેપ પડવાનું શરૂ થઈ ગયું છે.

ટાવર એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોવાઈડર્સ એસોસિએશન (ટાઈપા) હેઠળની આઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓના જૂથે બીએસએનએલના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર પી કે પુરવારને પત્ર લખી બાકી લેણાં ચુકવી દેવાની માગ કરી હતી અને જણાવ્યું હતું કે, તેઓ ઈલેક્ટ્રિસિટી, ડીઝલ, બેટરી, પ્રોક્યોરમેન્ટ જેવા બાબતોમાં ચુકવણી કરવામાં સામનો કરી રહી છે, જે ટેલિકોમ પીએસયુ નેટવર્કની જાળવણી માટે જરૂરી છે અને આ ચુકવણી ન કરવાથી કેટલાંક વિસ્તારોમાં સેવાઓમાં વિક્ષેપ પડ્યો છે. ટાઈપાના ડાયરેક્ટર જનરલ ટી આર દુઆએ જણાવ્યું હતું કે, આ પરિસ્થિતિ ખૂબ જ ગંભીર બની ગઈ છે અને બીએસએનએલ પાસેથી બાકી લેણા રૂપિયા ૧,૫૦૦ કરોડથી વધુ થવા જાય છે. અમે બીએસએનએલના સીએમડી તરફથી આ મામલે તત્કાળ મધ્યસ્થીની માગ કરી રહ્યા છીએ. તેમણે જણાવ્યું હતું કે, ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓ નાણાંકીય સમસ્યાઓનો સામનો કરી રહી છે અને નેટવર્કનું સંચાલન કરવા લોકડાઉન દરમિયાન ખૂબ પ્રયાસો કરી રહી છે. આ મામલે બીએસએનએલ તરફથી કોઈ જવાબ મળ્યો નથી. ઈન્ડસ ટાવર્સ લિમિટેડ, એટીસી ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ, ભારતી ઈન્ફ્રાટેલ લિમિટેડ, ટાવર વિઝન લિમિટેડ, સ્ટર્લાઈટ ટેકનોલોજીસ લિમિટેડ, સ્પેસ ટેલિલિંક લિમિટેડ, એપ્લાઈડ સોલાર ટેકનોલોજીસ અને કોસલાઈટ ઈન્ડિયા લિમિટેડ તરફથી ટાઈપાએ પત્ર લખી તત્કાળ મધ્યસ્થીની માગ કરી હતી.

# ટેક મહિન્દ્રાએ ઝેનઉ અને સીરિયમ સિસ્ટમ હસ્તાંતરણમાં શરતો બદલી

**પીટીઆઈ**
નવી દિલ્હી, તા.૧૦

આઈટી સેવા ક્ષેત્રની વિશાળ કંપની ટેક મહિન્દ્રાએ જણાવ્યું હતું કે, તેણે ઝેનઉ ઈન્ફોસોલ્યુશન (અમેરિકા) ઈન્ક અને સીરિયમ સિસ્ટમમાં હિસ્સા હસ્તાંતરણમાં કેટલીક શરતો બદલી છે. આ શરતો સમગ્ર વિશ્વમાં કોરોનાવાઈરસની મહામારીને કારણે તમામ ઉદ્યોગોમાં બિઝનેસમાં વિક્ષેપ પડ્યો છે ત્યારે બદલાઈ છે.

એક નિયમનકારી યાદીમાં ટેક મહિન્દ્રાએ જણાવ્યું હતું કે, ઝેનઉ ઈન્ફોસોલ્યુશનનો સોદો હવે તા.૧૫મી એપ્રિલના રોજ પૂર્ણ થવાની સંભાવના છે અને ૩૫ મિલિયન ડોલરની ચુકવણી સોદો પૂરો થવા પર અને બાકીના ૪ મિલિયન ડોલરની ચુકવણી બે વર્ષના ગાળામાં કરાશે. કંપનીએ આમ છતાં, આ શરતો બદલવાનું કોઈ ચોક્કસ કારણ આપ્યું નથી. ટેક મહિન્દ્રાએ તા.૨૪મી ફેબ્રુઆરીના રોજ જણાવ્યું હતું કે, તે અમેરિકાની ઝેન ઈન્ફોસોલ્યુશનના ૧૦૦ ટકા હિસ્સાને ૬૪ મિલિયન ડોલરમાં (રૂપિયા ૪૬૦ કરોડ) સંપૂર્ણ રોકડ સાથે હસ્તાંતર કરવા કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

તે સમયે, તેણે આ સોદો તા.૧લી એપ્રિલે પૂર્ણ કરવાની સંભાવના વ્યક્ત કરી હતી. આ ઉપરાંત, ૪૨ મિલિયન ડોલર આ સોદો પૂર્ણ થવા સમયે ચુકવવાના હતા અને બાકીના ૨૨ મિલિયન ડોલર ત્રણ વર્ષના ગાળામાં ચુકવવાના હતા. એક અલગ નિયમનકારી યાદીમાં, ટેક મહિન્દ્રાએ સીરિયમ સિસ્ટમ્સમાં બહુમતી ધરાવતો હિસ્સો ખરીદવાની શરતમાં બદલાવની જાણકારી આપી હતી.

તેણે ઉમેર્યું હતું કે, આ સોદો તા.૧૦મી એપ્રિલે પૂર્ણ થવાની સંભાવના છે અને ૫૧ ટકા શેર રૂપિયા ૨૪૫ કરોડમાં ખરીદાશે અને બાકીના ૪૯ ટકા હિસ્સો ત્રણ વર્ષના ગાળામાં ખરીદાશે. ટેક મહિન્દ્રાએ જાન્યુઆરીમાં જાહેરાત કરી હતી કે, તે બેંગલુરૂ ખાતેની સીરિયમ સિસ્ટમ્સમાં ૭૦ ટકા હિસ્સો રૂપિયા ૨૪૫ કરોડમાં ખરીદ કરશે. તે સમયે, આ સોદો તા.૧લી એપ્રિલે પૂર્ણ થવાની સંભાવના હતી અને કંપનીના ૭૦ ટકા શેર હિસ્સો રૂપિયા ૨૪૫ કરોડમાં હસ્તગત કરવાનો હતો અને બાકીનો હિસ્સો બે વર્ષના ગાળામાં ખરીદ કરવાનો હતો.

# ઝીના બોર્ડે તેની પેટાકંપની માર્ગો નેટવર્ક્સમાં રોકાણની છૂટ આપી

**પીટીઆઇ**
નવી દિલ્હી, તા. ૧૦

ઝી એન્ટરટેઇનમેન્ટ એન્ટરપ્રાઇઝિસ લિમિટેડે (ઝેડઇઇએલ) આજે જણાવ્યું હતું કે તેના બોર્ડે તેની શાખા માર્ગો નેટવર્ક્સ પ્રાઇવેટ લિમિટેડમાં રૂા.૫૨૨ કરોડનું રોકાણ કરવાની મંજૂરી આપી છે.

કંપનીના બોર્ડ ૮ એપ્રિલ, ૨૦૨૦ના રોજ યોજોયલી તેની બેઠકમાં સુગરબોક્સને નાણાંકીય ટેકો પૂરો પાડવા માટે સંમત થયું હતું અને કંપની આ માટે સુગરબોક્સમાં રૂા.૫૨૨ કરોડની રકમનું રોકાણ કરવા માટે તૈયાર થઇ હતી, તેમ ઝીડઇઇએલએ એક નિયમનકારી યાદીમાં જણાવ્યું હતું.

ઝેડઇઇએલ પેટાકંપનીની કામગીરીને ટેકો પૂરો પાડશે, જેમાં જરૂરી અને યોગ્ય તરીકે કંપનીજગતની બાંહેધરી અને કામગીરી પૂરી પાડવાનો સમાવેશ થાય છે અને સત્તાવાર સુગરબોક્સ રેલટેલ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ સાથે ૧૦ વર્ષના કરારને અંતિમ ઓપ આપશે, તેમ તેણે ઉમેર્યું હતું. હાલમાં, સુગરબોક્સે ૧૦ વર્ષના સમયગાળા માટે ભારતીય રેલવે, કોલકત્તા મેટ્રો અને બધા વાઇ-ફાઇ સક્ષમ સ્ટેશન દ્વારા ઓપરેટ પાવર ટ્રેનને લેટર ઓફ એવોર્ડ (એલઓએ) પ્રાપ્ત કર્યો છે. નવા રોકાણ સાથે ઝેડઇઇએલે જણાવ્યું હતું કે એલએન્ડટી મેટ્રો, ચેન્નાઇ મેટ્રો, એનએમએમટી, કોલકત્તા મેટ્રો, ભારતીય રેલવે જેવા હયાત સમગ્ર નવા કોન્ટ્રાક્ટ કોમર્શિયલ કામગીરી શરુ કરશે અને સુગરબોક્સ તેના નેટવર્ક વધારવા નવી ભાગીદારી કરી છે. સુગરબોક્સ પ્લેટફોર્મ સ્વ-વપરાશ વાતાવરણમાં માસિક ૨.૫ અબજ કલાકો ખર્ચ કરતા ૨૦૨૨ના મધ્ય સુધી ૩૦૦ મિલિયન માસિક નવા વપરાશકર્તા અને દૈનિક ૨૫ મિલિયન વપરાશકર્તાને પહોંચે તેવી અપેક્ષા છે.

# સ્પાઈસજેટે હો ચી મિન શહેર સુધી પ્રથમ માલવાહક વિમાનને ચલાવ્યું

**પીટીઆઈ**
મુંબઈ, તા.૧૦

સસ્તા દરોથી સેવા આપતી એરલાઈન સ્પાઈસજેટે હૈદરાબાદથી વિએટનામના હો ચી મિન શહેર સુધી ૧૬ ટન તબીબી ઉપકરણો સાથેની પ્રથમ માલવાહક વિમાનની ઉડાન ભરાવી હતી, જે કોરોનાવાઈરસની મહામારીને પગલે તબીબી સાધનો, અન્ય દવાઓ સહિતના સાધનોના પરિવહનના ભાગરૂપે કરાઈ હતી, તેમ એરલાઈને જણાવ્યું હતું.

આ ઉપરાંત, તેનું એક માલવાહક વિમાન સિંગાપોરથી બેંગલુરૂ સુધી તબીબી ઉપકરણો સાથે જ્યારે ગુવાહાટીથી કોલકાતા સુધી યાત્રી વિમાનમાં ઈન કેબિન કાર્ગો સાથેનું વિમાન તબીબી સાધનોના પરિવહન માટે ઉડ્ડયન કરાવાયું હતું, તેમ તેણે જણાવ્યું હતું.

ગુરૂવારે પણ, સ્પાઈસજેટે ચેન્નઈથી સિંગાપોર સુધીની કાર્ગો ફ્લાઈટ ચલાવી હતી પરત લાવી હતી, તેમાં પણ તબીબી ઉપકરણો અને સાધનો ભારત લવાયા હતા. સ્પાઈસજેટના ચેરમેન અજય સિંઘે જણાવ્યું હતું કે, સ્પાઈસજેટે હૈદરાબાદથી તબીબી સાધનો સાથે હો ચી મિન શહેર સુધી ઉડાન ભરી હતી જ્યારે અન્ય એક માલવાહક વિમાનમાં સિંગાપોરથી તબીબી સાધનો બેંગલુરૂ લાવવામાં આવ્યા હતા. અમે શુક્રવારે કોલકાતાથી ગુવાહાટીની ફ્લાઈટમાં તબીબી સાધનો મોકલ્યા હતા. સિંઘે જણાવ્યું હતું કે, સ્પાઈસજેટે લોકડાઉન દરમિયાન ૨૨૦થી વધુ કાર્ગો ફ્લાઈટોનું ઉડાન ભરાવ્યું છે અને ૧,૮૫૦ ટનથી વધુ તબીબી સાધનોનો પુરવઠો પૂરો પાડ્યો છે. લોકડાઉન દરમિયાન, ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) તરફથી તબીબી સાધનો માટે ખાસ પ્રકારની ફ્લાઈટોને જ મંજૂરી અપાઈ છે.

### ઇક્વિટી માર્કેટ

# મંદીના મોજામાં ફસાયેલા મોટા ભાગના બજારોમાં રોકાણો કરવા અંગેની ટિપ્સ

**સાહિલ અરોરા**

ભારતીય ઈક્વિટી બજારોમાં મોટું કરેકશન આવ્યા પછી આકર્ષક મૂલ્યાંકનોથી ખરીદી કરવાની નવી તકો ઉપલબ્ધ થઈ છે. લોભ-લાલચ અને ભય કે ભીતિની બે લાગણી ઘણા નાના રોકાણકારોને રોકાણને લઈને ગંભીર ભુલો કરવા તરફ દોરી જાય છે. અહીં આપવામાં આવેલી કેટલીક ટિપ્સ મ્યુચ્યુઅલ ફંડોના નાના રોકાણકારોને હાલના મોટાભાગન મંદીગ્રસ્ત બજારોમાં કમાણી કરવામાં મદદરૂપ થશે.

**માત્ર લાંબા ગાળા માટે જ રોકાણ કરો :**

દેશના ઈક્વિટી બજારોમાં આવેલું સીધું કરેકશન ઘણા રોકાણકારોને ટૂંકા ગાળામાં ઝડપી વળતર મેળવવા માટે ઈક્વિટી ફંડોમાં રોકાણ કરવા માટે પ્રેરી શકે છે. જો કે, ઇક્વિટી બજારોમાં મંદીનું વલણ સારા એવા સમય સુધી ચાલુ રહે તો તમારા રોકાણો લાંબા સમય સુધી નુકસાનીમાં રહી શકે છે. આથી, જો તમે ઓછામાં ઓછા ત્રણ વર્ષ માટે રોકાણ કરવા માગતા હોવ તો જ ઇક્વિટી ફંડોમાં રોકાણ કરો. તેજી અને મંદીનો સમયગાળો દેશની અર્થવ્યવસ્થાની સ્થિતિ સાથે સહ-સંબંધ ધરાવે છે. આથી, ઇક્વિટી રોકાણકારે આર્થિક ચક્રમાંથી કમાણી કરવા માટે ઓછામાં ઓછા સાત વર્ષ માટે ઈક્વિટી ફંડ્સમાં રોકાણ કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

**ગભરાટમાં રોકાણોમાંથી મુક્ત થવું નહીં :**

શેરબજારોમાં મોટું કરેકશન આવી રહ્યું છે એવા અહેવાલોને ધ્યાનમાં લઇને ઘણા રોકાણકારો નીચા સ્તરે ઇક્વિટી શેરોની ખરીદી કરવા માટે મ્યુચ્યુઅલ ફંડોમાંના તેમના હાલના રોકાણોનો નિકાલ કરતા હોય છે. જો કે, નાણાંકીય નિષ્ણાતો માટે પણ ઇક્વિટી બજારના તળિયા અંગે ધારણા કરવાનું ખૂબ જ મુશ્કેલ છે. રિડમ્પશન પછી ઇક્વિટી બજારમાં તીવ્ર ઉછાળો આવે તો તમારે બિનજરૂરી નુકસાનનો સામનો કરવા પડશે અને તમારા નાણાંકીય ધ્યેય પર


ILLUSTRATION: SHYAM KUMAR PRASAD

પણ પ્રતિકૂળ અસર થઈ શકે છે. તમારી એસઆઈપી ચાલુ રાખો.

ઇક્વિટી બજારમાં કરેકશન આવ્યા પછી ત્યારે ઘણા રોકાણકારોમાં તેમની એસઆઇપીને બંધ દેતા હોય છે કે પછી તેમના રોકાણોમાંથી મુક્ત થઇ જતા હોય છે. । કરવા અથવા એસઆઈપી બંધનું વલણ જોવા મળે છે. રોકાણકારોએ ગભરાટ કે ભીતિની લાગણીને કાબૂમાં રાખીને બજારમાં મંદી ચાલી રહી હોય ત્યારે પણ રોકાણ કરવાનું ચાલુ રાખવું જોઇએ. રોકાણકારો તેજીના સમય દરમિયાન રોકાણ ચાલુ રાખતા હોય છે. તેઓએ મંદીના તબક્કા દરમિયાન પણ રોકાણ કરવાનું ચાલુ રાખવું જોઈએ. મંદીના તબક્કા દરમિયાન પણ એસઆઈપી ચાલુ રાખવી જોઇએ. તેનાથી તમને નીચે એનએવીથી વધારે યુનિટ ખરીદવાની છૂટ મળે છે અને જે તમારા સરેરાશ રોકાણના ખર્ચમાં ઘટાડો કરે છે. જ્યારે બજારમાં ઉછાળો આવશે ત્યારે તેમ તમારા નાણાંકીય લક્ષ્ય સુધી ઝડપથી પહોંચી શકશો.

**ઈક્વિટી રોકાણોમાં વધારો કરવો જોઈએ :**

અસ્કયામતોની ફાળવણી એ તમારા નાણાંકીય લક્ષ્યો માટે નક્કી કરાયેલો સમયગાળો અને તમારી જોખમ ઉઠાવવાની ક્ષમતાના અસ્કયામતોના વિવિધ વર્ગોમાં રોકાણોનું વિતરણ કરવાની પ્રક્રિયા છે. ઈક્વિટી બજારોમાં કરેકશન આવી રહ્યું હોવાથી તમારા પોર્ટફોલિયોમાંના ઈક્વિટી રોકાણોનું કદ નિશ્ચિત દરે વળતર રળતા સાધનો અને અન્ય અસ્કયામતોની સરખામણીમાં ઘટી જશે. આવા કેસમાં તમારે તમારા હાલના ઇક્વિટી રોકાણોમાં વધારો કરવા માટે નિશ્ચિત દરે વળતર આપતા સાધનોને વેચી દઇને તમારો પોર્ટફોલિયો સમતોલ બનાવવો જોઇએ. પોર્ટફોલિયોને ફરીથી સમતોલ બનવાથી તમારી અસ્કયામતોનું મિશ્રણ સુધરશે, નીચા મૂલ્યાંકને ઊંચી ગુણવત્તા ધરાવતા ઈક્વિટી શેરોની ખરીદી કરી શકાશે અને સરેરાશ રોકાણ ખર્ચમાં ઘટાડો કરી શકાશે.

**તમારી તરલતા સાથે સમાધાન કરશો નહીં :**

ઇક્વિટી બજારમાં કરેકશન દરમિયાન ઉચ્ચક રોકાણો મારફતે ઝડતી વળતર રળવાની તક ઘણા રોકાણકારોને તેમનો સમગ્ર ફાજલ રકમનું ઈક્વિટી ફંડ્સમાં રોકાણ કરવા માટે લલચાવી શકે છે. જોકે, એવું કરવાથી કોઈ અણધાર્યા નાણાંકીય અસ્થિરતાથી તમારા ઈક્વિટી ફંડ નુકસાન કરી રોકાણ ઉપાડવા અથવા ઊંચા વ્યાજદરે લોન લેવાની ફરજ પડી શકે છે. તેથી ઈમરજન્સી ફંડ અને ટૂંકા ગાળાના નાણાંકીય લક્ષ્યોમાં તમારા યોગદાનને પરિપૂર્ણ કર્યા પછી જ ઈક્વિટી ફંડમાં રોકાણ કરવું જોઈએ. કોઈ પણ બેરિશ તબક્કામાં તળિયાની ધારણા કરવી ખુબજ મુશ્કેલ હોય છે.

**લાર્જ કેપ, મલ્ટિકેપ અને ઈન્ડેક્સ ફંડ્સમાં રોકાણ કરો :**

રોકાણકારોએ મલ્ટિકેપ ફંડ્ઝમાં રોકાણ કરવું જોઇએ. તે કોઈપણ તમામ બજાર મૂડીકરણ અને ક્ષેત્રોમાં સેબી દ્વારા લાદવામાં આવેલી મર્યાદા વિના રોકાણ કરે છે. બજારની પરિસ્થિતિના થતાં ફેરફારો અનુસાર, ફંડ મેનેજર્સ વિવિધ બજાર મૂડીકરણ અને ક્ષેત્રોમાંના તેમના રોકાણોમાં ફેરફાર કરવા માટે મુક્ત હોય છે. વર્તમાન બજારની પરિસ્થિતિ હેઠળ મલ્ટિ-કેપ્સ ફંડ્સમાં રોકાણ કરવું એ શ્રેષ્ઠ વિકલ્પ છે.

### કરૂર વૈશ્ય બેન્ક રેટિંગ : ખરીદવો

# આ વર્ષે મિલકતો પરના વળતરમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના




કરૂર વૈશ્ય બેન્ક (કેવીબી) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન તેના મિલકતો પરના વળતરમાં (આરઓએ) સુધારો કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. તેના મુખ્ય કારણો નીચે પ્રમાણે છે. (૧) બેંકની તણાવગ્રસ્ત મિલકતોમાં ઘટાડો થવાની સાથે સાથે તેના ધિરાણ ખર્ચમાં પણ ઘટાડો થઇ રહ્યો છે. ૨૦૧૯-૨૦ના પ્રથમ ૯ મહિના દરમિયાન કુલ બિન-કાર્યક્ષમ અસ્કયામતોમાં (એનપીએ) અગાઉના વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં એક ટકાનો ઘટાડો થયો છે અને હાલની એનપીએ પર ૫૬ ટકા જેટલી ઊંચી જોગવાઈઓ કરવામાં આવી છે. (૨) ચોખ્ખા વ્યાજના ગાળામાં ડિસેમ્બર ૨૦૧૯ના સ્તરની તુલનામાં સુધારો થવાની શક્યતા છે. જેમાં ધિરાણ-થાપણનો ગુણોત્તર વધવો અને ઊંચી ઉપજ ધરાવતા રિટેઈલ સેગમેન્ટમાં ધિરાણ વધવું જવાબદાર છે. (૩) ખર્ચ પરનું નિયંત્રણ. આ કારણસર ૨૦૧૪-૧૯ દરમિયાન બેંકના કાર્યકારી ખર્ચમાં ૧૨.૫ ટકાની વૃદ્ધિ દરની સામે ૨૦૧૯-૨૦માં ૯.૮ ટકા ખર્ચમાં વૃદ્ધિ થઈ છે.

વધુમાં, ઉદ્યોગનો લિક્વિડિટી કવરેજ રેશિયો ૩૦૬ ટકા છે અને બેન્કના પોતાના રાજ્ય તમિલનાડુમાં બ્રાન્ડ છે. આથી, અમે એવું માનીએ છીએ કે, કેવીબી કોઈ પણ ટૂંકા ગાળાની થાપણોમાં નાણાંના ઉપાડની સમસ્યાનો સામનો કરી શકે છે. અમે કંપનીના રેટિંગને ખરીદ કરવા પર જાળવી રાખીએ છીએ અને નફો લેવા માટેની સુધારેલી કિંમત રૂપિયા ૬૦ (અગાઉના રૂપિયા ૮૦) નિર્ધારિત કરીએ છીએ.

**૨૦૨૦-૨૧ દરમિયાન મિલકતો પરનું વળતર ૦.૭ ટકાના સ્તરે રહેશે :**

ઐતિહાસિક રીતે જોઇએ તો, કેવીબીએ ૨૦૦૭થી ૨૦૧૨ સુધી તેની મિલકતો પર વળતરની સરેરાશ ૧.૫ ટકા અને ઈક્વિટી પર વળતરની સરેરાશ ૨૦ ટકાએ જાળવી રાખી હતી. આમ છતાં, આક્રમક રીતે શાખાઓના વિસ્તરણને કારણે ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં વૃદ્ધિ ધીમી પડી હતી. હાલમાં બેંકના ધિરાણ ખર્ચમાં વધારો થયો છે. આથી, મિલકતો પરના વળતર પર અસર પડી છે. વળતરનો દર ડિસેમ્બર ૨૦૧૯માં ૦.૦૮ ટકા પર આવી ગયો હતો. આમ છતાં અમને લાગે છે કે બેંક માટે ખરાબ સમય જતો રહ્યો છે.

**તણાવગ્રસ્ત મિલકતોમાં ઘટાડાનું વલણ :**

અમે માનીએ છીએ કે, મિલકતોની ગુણવત્તાનો ગુણોત્તર ટોચ પરથી નીચે આવી ગયો છે. આમ છતાં, કોવિડ-૧૯ના કારણે, જો દેશની અર્થવ્યવસ્થામાં વધુ મંદી આવે તો, તેની અસર કરૂર વૈશ્ય બેન્કના નાના, મધ્યમ ઉદ્યોગોના પોર્ટફોલિયો પર પડી શકે છે. આમ છતાં, તે ચક્રીય સમસ્યા ટૂંકા ગાળા માટે રહેશે.

**- આઈસીઆઈસીઆઈ સિક્યુરિટીઝ**

### ગેઈલ રેટિંગ : ખરીદ કરવો

# ગેઇલના શેરની કિંમતનું પરિબળ હાલમાં ખૂબ જખરાબ સ્થિતિમાં છે

૨૦૧૯-૨૦દરમિયાન શેરદીઠ કમાણી (ઇપીએસ) ૩ ટકા ઘટવાનું અનુમાન છે અને ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં ઇપીએસ ૩૩ ટકા સુધી ઘટી શકે છે. નફો ગાંઠે બાંધવા માટેની કિંમત રૂપિયા ૧૯૦થી ઘટાડીને રૂપિયા ૧૪૦ કરાઇ છે. અમે કંપનીના રેટિંગને ખરીદ કરવો પર જાળવી રાખ્યું છે.

તા.૪થી જૂન, ૨૦૧૯ના રોજ બહાર પડાયેલા એક આદેશમાં એચવીજે દરોમાં ઘટાડાને કારણે નિરાશાનું મોજું ફરી વળ્યું હતું. આ આદેશને પગલે ગેઈલના શેરની કિંમતોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. શેરની કિંમતોને નબળી માગ અને ઓછી સ્પોટ એલએનજી કિંમતોનો માર સહન કરવો પડ્યો છે, જેને કારણે ગેસ માર્કેટિંગમાં અસર થઈ અને પેટકેમમાં નુકસાન થયું છે. ઓઈલની કિંમતોમાં તીવ્ર ઘટાડાને કારણે પેટકેમ અને લિક્વિડ હાઈડ્રોકાર્બન (એલએચબી)ના આવકના અનુમાનોમાં નરમાઈ જોવા મળી છે. આવકમાં ઘટાડો નીચા ફીડસ્ટોકના ખર્ચથી સરભર કરી શકાશે નહીં. પેટકેમ નુકસાનીમાં જ રહેશે પરંતુ એલએચસી તેની સરખામણીમાં સુધરી શકે છે. બજારમાં ચાલતા પ્રશ્નોને કારણે પણ ગેસ માર્કેટિંગની ચિંતામાં વધારો થયો છે, જેમાં ખાસ કરીને હેનરી હબ સાથે જોડાયેલા વેચાણ કે જે ઓઈલ લિન્કેજના ધોરણે વેચાણ થાય છે,

| Year-end Mar 31 | FY19 | FY20F | | FY21F | | FY22F | |
|---|---|---|---|---|---|---|---|
| (₹) | Actual | Old | New | Old | New | Old | New |
| Revenue (bn) | 751 | 745 | 747 | 838 | 800 | 962 | 904 |
| Reported net profit (bn) | 60 | 51 | 50 | 65 | 44 | 77 | 52 |
| Normalised net profit (bn) | 60 | 51 | 50 | 65 | 44 | 77 | 52 |
| FD normalised EPS | 13.36 | 11.32 | 10.99 | 14.45 | 9.76 | 17.10 | 11.46 |
| FD norm. EPS growth (%) | 30.5 | -15.3 | -17.7 | 27.6 | -11.2 | 18.3 | 17.4 |
| FD normalised P/E (x) | 5.8 | 11.2 | 7.1 | 8.8 | 8.0 | 7.4 | 6.8 |
| EV/Ebitda (x) | 3.8 | 7.4 | 4.8 | 6.1 | 6.7 | 5.1 | 5.9 |
| Price/book (x) | 0.8 | 1.2 | 0.8 | 1.1 | 0.8 | 1.0 | 0.7 |
| Dividend yield (%) | 5.1 | – | 10.7 | – | 6.3 | – | 6.6 |
| ROE (%) | 14.3 | 11.3 | 11.2 | 13.5 | 9.6 | 14.6 | 10.7 |
| Net debt/equity (%) | net cash | 3.6 | 5.2 | 9.6 | 17.7 | 8.6 | 22.9 |

Source: Company data, Nomura estimates

તેમાં ચિંતા ઊભી થઈ છે. પરંતુ અમને લાગે છે કે, જો ઓઈલની કિંમતો બેરલદીઠ ૩૫ ડોલર રહે તો પણ ગેસ માર્કેટિંગમાં નુકસાન થશે નહીં.

**કિંમતો અત્યાર સુધીના સૌથી નીચા સ્તરે :**

નીચી ઓઈલની કિંમતો નકારાત્મક છે ત્યારે મોટા પાયે રેટિંગમાં ઘટાડો કર્યા બાદ અમે નોંધ્યુ છે કે કંપનીના શેરનું મૂલ્યાંકન આકર્ષક છે. શેરદીઠ રૂપિયા ૩૨ના ઈક્વિટી રોકાણ માટે, ગેઈલનો શેર શેરદીઠ રૂપિયા ૪૬ પર ટ્રેડ કરે છે, જે શેરદીઠ રૂપિયા ૮૯ કરતાં નીચો છે. અમે આ માટે ટ્રાન્સમિશન સેગમેન્ટને કારણભૂત ગણીએ છીએ.

અમે નોંધ્યું કે, કેન્દ્ર સરકાર ગેસને પ્રોત્સાહન આપવા માટે ખૂબ જ પ્રયાસો કરે છે અને ઊર્જા ઉદ્યોગમાં ગેસનો હિસ્સો ૬ ટકાથી વધારીને ૧૫ ટકા કરવા માગે છે. આ લક્ષ્યાંક હાંસલ કરવામાં ગેઈલ ચાવીરૂપ બની રહેશે. આ માટે કેટલાક પરિબળો જવાબદાર રહેશે, જેમ કે, રેશનલ અને નોન-એડિટિવ ટેરિફ (વાજબી અને વધારાના ન હોય તેવા દરો), જીએસટીમાં ગેસનો સમાવેશ અને બંધ પડેલા ગેસ આધારિત વીજ મથકો માટે નીતિ વિષયક પગલાં લેવા. પરંતુ આ બાબતે ખૂબ ધીમી પ્રગતિ છે.



**નફો લેવા માટેની કિંમત ઘટાડી :**

નીચી કોમોડિટીની કિંમતોના અનુમાનોને કારણે અમે અમારા પેટકેમ, એલપીજી અને માર્કેટિંગ સેગમેન્ટની આવક અંગેના અનુમાનોમાં ઘટાડો કરીએ છીએ. અમે નીચા કર દરોને કારણે ટેરિફમાં ૮ ટકાનો ઘટાડો થવાનું અનુમાન કરીએ છીએ. અમે ૨૦૧૯-૨૦ માટે આવકમાં ૩ ટકા ઘટાડાનું અને ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ માટે ૩૩ ટકાના ઘટાડાનું અનુમાન નક્કી કરીએ છીએ. ૨૦૧૯-૨૦માં શેરદીઠ કમાણીમાં ૧૮ ટકાના ઘટાડા બાદ અમે ૨૦૨૦-૨૧માં વધુ ૧૧ ટકાનો ઘટાડો અને ૨૦૨૧-૨૨માં ૧૭ ટકાનો વધારો થવાનું અનુમાન લગાવીએ છીએ. અમે નફો ગાંઠે બાંધવા માટેની કિંમત રૂપિયા ૧૪૦ નિર્ધારિત કરીએ છીએ. કંપનીના શેર ૨૦૨૧-૨૨ના નફાના ૬.૮ ગણા પર ટ્રેડ કરે છે.

**- નોમુરા**

### ઓનલાઇન પેમેન્ટ

# ડિજિટલ સિસ્ટમ મારફતે ચુકવણી કરવાનો રસ્તો લોકોના હિતમાં છે

**ઇશાન ગેરા**

પેપર મની ઘણા લોકો માને છે તેટલું જોખમી નથી. જ્યારે બીજી કોઇ વ્યક્તિ નજીકમાં જ હોય ત્યારે પેપર મની જોખમી બનતું હોય છે. સરકાર હવે ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપી રહી છે. અત્યારના સમય ડિજિટલ પેમેન્ટથી ભાગ્યે જ કોઈ વસ્તુ હશે જેની ચુકવણી ન થઈ શકતી હોય. યુટિલિટી બિલની ચુકવણીથી લઈને મની ટ્રાન્સફર સુધીના સંખ્યાબંધ વિકલ્પો હવે ઉપલબ્ધ હોય છે. આ વિકલ્પોનો ઉપયોગ કરીને રોકડમાં ચુકવણી કરવાની જરૂરિયાતને ટાળી શકાય છે.

ડિજિટલ પેમેન્ટ સિસ્ટમમાં સૌથી મહત્ત્વની વાત તો એ

છે કે, તેનાથી બેન્ક અથવા એટીએમ સુધી જવાનું બંધ જઈ જશે અને તેનાથી સારો એવો સમય બચી શકે છે.

સરકારે બેન્કોને લોનોની ચુકવણી પર મોરેટોરિયમ ઓફર કરવાનું જણાવ્યું છે ત્યારે લોકોને વિવિધ સેવાઓના ઉપયોગ કરવા બદલ હજી રોકડમાં ચુકવણી કરવી પડી રહી છે. વીજળી, ફોન, ગેસ, બ્રોડબેન્ડ અને ડીટીએચ જેવી ઘણી સેવાઓ લેવા બદલ ચુકવણી કરવી પડતી હોય છે. આ ચુકવણી કરવા માટે ઘણા બધા રસ્તા હવે ખુલ્લા થઇ ગયા છે.

પ્રથમ, મોટા ભાગની બેન્કોએ તેમની વેબસાઈટો પર બિલ ડેસ્ક પેમેન્ટ સિસ્ટમ ઊભી કરી છે. જો તમે તમારી બેન્કની વેબસાઈટ દ્વારા બિલોની ચુકવણી કરવા માગતા હોવ તો, ભારત બિલ પે સિસ્ટમ (બીબીપીએસ) સૌથી સરળ સિસ્ટમ છે.

જેના માટે તેમને https://www.bharatbillpay.com/Billpay પર જઈને તમારી બેન્કની પસંદગી કરવાની હોય છે. આ સિસ્ટમ તમને તમારી બેન્ક સાથે જોડવાની સૂચના આપશે. હવે તમારે ચુકવણી કરવાના અને નાણાંની તબદિલી કરવાના ટેબ્સ શોધવાના રહેશે અને ત્યારબાદ પેબિલ્સ પર ક્લિક કરવાની જરૂર પડશે.

મોટા ભાગની બેન્કો અત્યારે ક્રેડિટ કાર્ડ બિલ, ઈલેક્ટ્રિસિટી, મોબાઈલ રિચાર્જની ચુકવણી કરવા માટે વિવિધ વિકલ્પો ઓફર કરે છે. એકવાર બિલ સેટ કર્યા પછી તેમ ઈસીએસ પર પણ સેવાઓ પણ સેટ કરી શકો છો. આ સિસ્ટમમાં દર મહિને બેંક ખાતામાંથી નાણાંની આપોઆપ કપાત કરવામાં આવે છે. આજ રીતે તમે બિલોની ચુકવણી માટે રિમાઇન્ડર પણ સેટ કરી શકો છો. જો કોઈ બેન્ક વેબસાઈટ અથવા એપ ખોલવામાં મુશ્કેલી પડતી હોય તો, મોબાઈલ પર સરળ વિક્લ્પો ઉપલબ્ધ છે.



ILLUSTRATION: SHYAM KUMAR PRASAD

વોલેટની વાત કરીએ તો સૌથી પહેલા ખ્યાલ પેટીએમનો આવે છે પરંતુ અત્યારે ફોનપે અને ગૂગલ પર પણ બિલોની ચુકવણી કરી શકાય છે. પેટીએમ વર્ષોથી ગેસ, વીજળી, પાણી જેવી ઉપયોગી સેવાઓ સાથે જોડાયેલી છે. તમે એપ્લિકેશન દ્વારા સિલિન્ડર બૂક કરાવી શકો છે. આ ઉપરાંત તેનાથી કરિયાણા કે દવાઓ માટે પણ ચુકવણી કરી શકો છો. તમે વેબસાઈટો પર જઈને એવું શોધી શકો છો કે તમારી નજીક કઈ દુકાન છે જે પીટીએમ સ્વિકારે છે અને જે તમનો ચૂકવણીને મંજૂરી આપે છે.

જ્યારે સરકારે યુપીઆઈની રજૂઆત કરી હતી ત્યારે તેની ઉપયોગ મની ટ્રાન્સફર માટે થાય છે. પરંતુ એક વર્ષમાં વધુ સેવા આપવામાં આવી રહી છે. હવે તેનો ઉપયોગ બિલોની ચૂકવણી માટે પણ થાય છે. તેની સાથે તે ઓફર રિમાઈન્ડર અને ઈસીએસનો વિક્લ્પ પણ આપે છે.

આમ છતાં, પેટીએમ જેટલી સેવાઓ આ એપ્લિકેશન પર નથી. આ એપ્લિકેશન હજી પણ તેના હેતુઓને પૂર્ણ કરે છે જેના દ્વારા યુટિલિટી પેમેન્ટ, ક્રેડિટ કાર્ડ બિલ્સ, રેન્ટ અને વીમાની ચુકવણી કરી શકાય છે. બિલડેસ્ક સામાન્ય રીતે બિલોની ચુકવણી માટે ત્રણ દિવસનો સમય લે છે પરંતુ આ પ્રક્રિયા નજીકમાં સમાન છે. કોઈ પણ કિસ્સામાં ધિરાણ લેવા માટે ક્રેડિટ કાર્ડના નંબરની જરૂર પડતી હોય છે, જ્યારે વીમા માટે પોલિસી નંબરની જરૂર પડતી હોય છે અને તેનાથી ચુકવણી કરી શકાય છે.

■ મુલાકાત ■

**મલ્લિકાર્જુન રાવ**

એમડી અને સીઈઓ, પંજાબ નેશનલ બેંક

# અમારા ૯૦ ટકા કરતાં વધુ ઋણધારકો ઈએમઆઈ મોકૂફીનો લાભ લઇ શકે છે

પંજાબ નેશનલ બેંક (પીએનબી)ના મેનેજીંગ ડિરેક્ટર અને સીઈઓ એસએસ મલ્લિકાર્જુન રાવે મિથુન દાસગુપ્તા સાથેની એક મુલાકાતમાં જણાવ્યું હતું કે વર્તમાનના અસ્થિર બનેલા આર્થિક પરિપ્રેક્ષ્યમાં અમારી વિલયિત કરવામાં આવેલી બેંકોના ૯૦ ટકાથી વધુ મુદતી ધિરાણના ગ્રાહકો ઈએમઆઈ મોકૂફીની સુવિધાની પ્રાપ્તિ કરે તેવી અમને અપેક્ષા છે. રાવે એવું પણ જણાવ્યું હતું કે તાજેતરના દર કપાતને કારણે તેની બે વિલયિત કરવામાં આવેલી બે બેંકોની સાથે પીએનબી થાપણોનો આધાર ગુમાવે તેવો કોઈ ડર અનુભવતી નથી, અમે એક મજબૂત રિટેલ ફ્રેન્ચાઈઝ ધરાવીએ છીએ. અહીં તેમના વાર્તાલાપના સંક્ષિપ્ત અંશો પ્રસ્તુત છે:

પીએનબીએ રિટેલ કે એમએસએમઈ પોર્ટફોલિયો સંદર્ભે તાજેતરમાં ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) દ્વારા કરાયેલા ૭૫ બેઝિસ પોઈન્ટના સંપૂર્ણ લાભને તેની રેપો લિંક્ડ લેન્ડિંગ રેટ (આરએલએલઆર)ની જાહેર સૂચકાંક સાથેના જોડાણને આવરી લેતી એક્સટર્નલ બેંચમાર્ક લિંક્ડ પ્રોડક્ટના થાપણદારોને પહોંચાડ્યા છે. આરએલએલઆર સાથે જોડાયેલા વિલયિત બેંકો માટે કુલ ધિરાણના પોર્ટફોલિયોનું કદ કેટલું છે? તેમાં હોમ અને ઓટો લોનના પોર્ટફોલિયો માટેની માત્રા કેટલી છે? હોમ લોન માટે એક ૩૦ વર્ષના ધિરાણમાં ઈએમઆઈ (પ્રતિ લાખ) અંદાજીત કેટલા સસ્તા થશે?

વિલયિત કરવામાં આવેલી બેંકો સાથે જોડાણ ધરાવતી આરએલએલઆરનો લોન પોર્ટફોલિયો આશરે રૂા. ૨૮,૮૦૦ કરોડનો છે. કુલ હોમ લોનનો પોર્ટફોલિયો લગભગ રૂા. ૭૪,૫૦૦ કરોડ જેટલો છે અને ઓટો લોનનો પોર્ટફોલિયો આશરે રૂા. ૯,૦૦૦ કરોડનો છે. આરએલએલઆરમાં ૭૫ બીપીએસની કપાતને કારણે હાઉસિંગ લોનના ઈએમઆઈમાં દર મહિને પ્રત્યેક લાખ પર રૂા. ૫૨નો ઘટાડો આવશે, જે ચૂકવવાપાત્ર ઈએમઆઈના આશરે ૭ ટકામાં તબદીલ થાય છે.



**બેંકે આરબીઆઈની જાહેરાત બાદ મુદતી ધિરાણ પરના હપ્તા કે વ્યાજની ચૂકવણીને લંબિત કરવા અને તા. ૧ માર્ચથી ૩૧મી મે વચ્ચે લેણી રહેતી કેશ ક્રેડિટ સુવિધાઓ પરના વ્યાજની વસૂલાતોને લંબાવવાનો નિર્ણય કર્યો છે. આ ત્રણ મહિનાના મોરેટોરિયમ હેઠળ આવતું હોય એવા મુદતી ધિરાણોનું કદ કેટલું છે? મકાન અને વાહનના ધિરાણો માટે ઈએમઆઈમાં કેવો બદલાવ કરવામાં આવશે?**

લગભગ રૂા. ૪ લાખ કરોડના મુદતી ધિરાણો પર મોરેટોરિયમ હેઠળ અસર ઉભી થશે. આરબીઆઈએ હપ્તાને લંબાવવા અંગેની મંજૂરી આપી છે, પરંતુ તે ખાતાઓ પર વ્યાજનો બોજો ચડાવવાનું ચાલુ રહેશે. ગૃહ અને વાહન ધિરાણના ધિરાણકારો માટે મોરેટોરિયમના સમયગાળા દરમિયાન લાગુ કરવામાં આવેલા વ્યાજને કારણે ધિરાણની વધારવામાં આવેલી રકમને પરત ચૂકવણીના લંબાવેલા સમયગાળાને આવરી લેવો પુરતું રહેશે નહીં અને ધિરાણ લેનારા લોકોએ ધિરાણની માત્રા અને પરત ચૂકવણી કરવાના બાકી રહેલા સમયગાળાને આધારે વધારેલા ઈએમઆઈની ચૂકવણી કરવા કે ચૂકવવા માટે જરૂરી ઈએમઆઈની સંખ્યાને વધારવાની જરૂરિયાત રહેશે. લંબાવવાની સુવિધા પ્રત્યેક ધિરાણ લેનારાઓ માટે ઉપલબ્ધ છે, પરંતુ તેમની પાસે પણ તેને ન અપનાવવા અને તેમના રોકડ પ્રવાહને આધારે ચૂકવણી કરવાની પસંદગી રહેલી હોય છે.

**મુદતી ધિરાણ પર મોરેટોરિયમને કારણે વિલયિત કરવામાં આવેલી બેંક માટે પરત ચૂકવણીની માત્રામાં અંદાજીત બદલાવ કેટલો રહી શકે છે?**

હાલના સમયે તે હજુ પણ અંદાજની બાબત બની રહી છે. વર્તમાનના ઉદ્યોગ અને બજારમાં અસ્થિર કે ધૂંધળા આર્થિક પરિપ્રેક્ષ્યને કારણે અમારા મુદતી ધિરાણના ૯૦ ટકાથી વધુ ગ્રાહકો આ સુવિધા મેળવે તેવો અમારો અંદાજ છે.

**બેંકે તેની મુદતી થાપણોની વિવિધ પાકતી મુદતોમાં તેના દરમાં ઘટાડો કર્યો છે. તમે વિલયિત બેંકો માટે થાપણના દરોમાં ઘટાડો કર્યો હોઈ, શું અમુક થાપણદારો ખાનગી ક્ષેત્રની મોટી બેંકોમાં સામેલ થઈ જાય તેવી કોઈ ફિકર રહે છે?**

તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૯ની સ્થિતિ અનુસાર પીએનબીની વાર્ષિક ધોરણે થાપણોમાં વૃદ્ધિ ૯.૪ ટકાની છે, જે આ સમયગાળા દરમિયાન વ્યવસ્થાતંત્રની વૃદ્ધિની સાથે લગભગ બંધબેસતી હતી. આ ઉપરાંત, અલગઅલગ પાકતી મુદતના બકેટ્સમાં સમગ્રતયા વ્યવસ્થાતંત્રમાં વ્યાજના દરના વલણને નરમ કરીને બંધબેસતા કરવા તાજેતરના બદલાવો લાવવામાં આવ્યા છે.

તેના ૧૨૫ ઉપરાંત વર્ષોના સમૃદ્ધ વારસાની સાથે પીએનબી ખૂબ મજબૂત રિટેલ ફ્રેન્ચાઈઝ ધરાવે છે. હકીકતમાં અમારી ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ (ઓબીસી) અને યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા જેવી બે વિલયિત બેંકો પણ સમૃદ્ધ ફ્રેન્ચાઈઝ ધરાવે છે અને અમે અમારી થાપણના આધારને ગુમાવવાનો કોઈ ડર અનુભવતા નથી.

**આરબીઆઈ અને સરકારે બજારમાં તરલતાને વેગ આપવા માટે પગલા ભર્યા છે, શું તમે રાષ્ટ્રવ્યાપી લોકડાઉનની અર્થવ્યવસ્થાના દરેક ક્ષેત્રો પર અસર પહોંચવાને કારણે તરલતા અંગે ચિંતિત છો?**

રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને કારણે માઈક્રોફાયનાન્સ, વાણિજ્યિક વાહનો અને પરવડક્ષમ ગૃહ ફાયનાન્સ પર પરત ચૂકવણીની વસૂલાતને કારણે અસર પહોંચી શકે છે. આરબીઆઈ દ્વારા ભરવામાં આવેલા પગલા કોર્પોરેટ બોન્ડ બજાર, ખાસ કરીને ટૂંકા ગાળા માટે ઉંડાણ લઈને આવશે. અસ્કયામતોની જવાબદારીમાં અનિશ્ચિત હોય એવા ક્ષેત્રો પુરતો આધાર મેળવી શકે છે, તે હકીકતને ધ્યાનમાં લેવી રહી કે આરબીઆઈના પગલાને કારણે વ્યવસ્થાતંત્ર અને બેન્કિંગ સિસ્ટમ પુરતી પ્રવાહિતતા ધરાવે છે.

**વિલય બાદ પીએનબીની લોન બુક સાઈઝ શું છે? મહામારી બાદ કામકાજના પ્રથમ વર્ષમાં તમે કેવા પ્રકારના ધિરાણમાં વૃદ્ધિ થાય તેની અપેક્ષા ધરાવો છો?**

શરૂઆતની સાથે, બેંકનો કુલ કારોબાર લગભગ રૂા. ૧૮ લાખ કરોડનો છે, અને એડવાન્સીસ આશરે રૂા. ૭.૫ લાખ કરોડ જેટલા છે. અમે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે એડવાન્સીસમાં વાર્ષિક ધોરણે ૮ ટકાની વૃદ્ધિનું લક્ષ્ય ધરાવીએ છીએ, પરંતુ અમે હજુ આ મહામારીની સંપૂર્ણ અસર પર નજર માંડી રહ્યા છીએ. જો તેની અસર જૂન સુધીમાં ખતમ થાય, તો અમને વિશ્વાસ છે કે અમે ૮ ટકા ક્રેડિટ વૃદ્ધિને આંબી શકીશું.

■ મુલાકાત ■

**યુકી કવામુરા**

પ્રિન્સિપલ, એઈટી ફંડ

# ભારતીય ઉદ્યોગિકસાહસિકો સ્થાનિક યુઝરની પસંદગી બાબતે સંવેદનશીલ

આકાત્સુકી એન્ટરટેઈનમેન્ટ ટેકનોલોજી ફંડ (એઈટી ફંડ) એ જાપાન સ્થિત એક ગેમિંગ-એન્ટરટેઈનમેન્ટ કંપની આકાત્સુકી ઈન્ક દ્વારા સ્થાપિત એક વેન્ચર કેપિટલ ફંડ છે. આ ફંડ એન્ટરટેઈનમેન્ટ ટેકનોલોજી, કન્ટેન્ટ અને ઑગમેન્ટેડ રિયાલિટી (એઆર) વર્ચ્યુઅલ રિયાલ્ટી (વીઆર) અને મિક્સ રિયાલ્ટીનો (એમઆર) ઉપયોગ કરતાં સર્વિસ સ્ટાર્ટ-અપ્સના નવા સ્વરૂપોમાં રોકાણ કરે છે. ભારતમાં તેણે આ ફંડની સ્થાપના કરાઇ ત્યારથી માંડીને અત્યાર સુધીમાં પંદર કરતાં વધુ રોકાણો કર્યા છે. આ રોકાણો સુપરગેમિંગ, ડાઉટનટ, વિશ અને લિટલ બ્લેક બુક જેવા વેન્ચર્સમાં કર્યા છે. એઈટી ફંડના પ્રિન્સિપલ યુકી કવામુરાએ બનશ્રી પુરકાયસ્થને જણાવ્યું હતું કે, તે ભારતમાંથી આવતાં બિલિયન યુઝર્સને વર્નાક્યુલર કન્ટેન સોલ્યુશન્સ ઓફર કરનારા સ્ટાર્ટ-અપ્સને ટેકો પૂરો પાડવા માટે ઉત્સુક છે.

**ભારતમાં એઈટી ફંડ માટે રસના વિષયો કયા કયા છે?**

મુખ્યત્ત્વે અમારું લક્ષ્ય દિલથી ચાલતાં વેપાર-ધંધામાં રોકાણ કરવાનું છે જે તેમના ગ્રાહકો માટે આનંદદાયક ઉત્પાદનો અને ઉકેલો લાવે છે. અમે કન્ટેન્ટ, મીડિયા, ગેમિંગ અને મનોરંજન સહિત અલગ અલગ શાખાઓમાં રોકાણ કર્યુ છે. અમને ભારતમાં વર્નાક્યુલર કન્ટેન્ટમાં ઘણી તકો જોવા મળી રહી છે. દેશના બીજા અને ત્રીજા સ્તરના નગરોમાં રોકાણો અને માસિક વપરાશકારોના વપરાશ બંને દ્રષ્ટિએ વર્નાક્યુલર કન્ટેન્ટના બજારમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. જો કે, આ વિભાગ માગ અને પુરવઠા વચ્ચે અંતરની સાથે અવ્યવસ્થિત છે. તેની સાથે ભારતમાં આગામી બિલિયન યુઝર આવી રહ્યા છે. અમે નવીનીકરણ અને સ્કેલેબલ આઈડિયા સાથે તેમની સાથે ભાગીદારી કરવાના છીએ.

**ભારતના એન્ટરટેઈનમેન્ટ / કન્ટેન્ટ સ્ટાર્ટઅપ્સ સેગ્મેન્ટમાં તમે વૃદ્ધિ જોઈ રહ્યા છો ?**

રિલાયન્સ જીઓ લોન્ચ થયા પછી ભારતમાં સ્માર્ટફોનના વપરાશ અને ડેટાના ખર્ચ નોંધપાત્ર ઘટાડા ખાસ કરીને બીજા અને ત્રીજા સ્તરના નગરોમાં ઈન્ટરનેટ યુઝર્સની સંખ્યામાં જંગી વૃદ્ધિ જોવા મળી છે. ઉપકરણો અને પ્લેટફોર્મના જોરે વધુને વધુ પ્રમાણમાં સાધન-સામગ્રીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આને લીધે, પ્રેક્ષકો નોન-ડિજિટલ પ્લેટફોર્મ્સથી સ્થળાંતર થઈ રહ્યા છે. આંકડાનો સામનો કરીએ તો ભારતીય પ્રેક્ષકો માટે કસ્ટમાઈઝ કરેલી મૂળ અને આકર્ષક સામગ્રી આવશ્યકતાને ક્યારે વધુ સ્પષ્ટ કરતા નથી. ભારતીય મનોરંજન અને સ્ટાર્ટ-અપ્સ સ્પેસમાં તક ખૂબ મોટી છે.



અમે સ્થાનિક સ્ટાર્ટ-અપ્સ અત્યંત નવીન જોવા મળી રહ્યા છે. તેઓ અમેરિકા/ચીનના સફળ સ્ટાર્ટ-અપ્સના સફળ કોન્સેપ્ટને રૂપાંતર કરતા નથી. ભારતીય ઉદ્યોગસાહસિકો સ્થાનિક ગ્રાહકોની પસંદગીની બાબતમાં ખૂબ જ સંવેદનશીલ છે અને તેઓ કસ્ટમ ક્રિએટેડ અને સ્થાનિક ગ્રાહકોને સંબંધિત વસ્તુઓ ઓફર કરે છે.

દાખલા તરીકે ઈડીટેક સ્ટાર્ટ-અપ ડાઉટનટ ભારતીય શાળાઓના વર્ગ ૬થી ૧૨ના વિદ્યાર્થીઓની વ્યક્તિગત ધ્યાન અને શંકાના ઉકેલો સાથે જોડાયેલી છે. આ સ્ટાર્ટ-અપ્સ સાથે ૯૦ ટકા કરતા વધારે યુઝર્સ નોન- મેટ્રો શહેરોના છે અને તે ૧૧ પ્રાદેશિક ભાષામાં ઉપલબ્ધ છે.

અમે એવી કંપનીઓમાં રોકાણ કરવા માટે વિશ્વાસ રાખીએ છીએ જે વિશ્વમાં વિવિધ શ્રેણીઓમાં ખુશીનો અનુભવ કરાવે છે. ધ્યેયની સ્પષ્ટતા, અપાર ઉત્કટ અને અમલની પ્રતિબદ્ધતા સહિતની વ્યવસાહિક શક્તિઓનું સમર્થન કરનારા ભારતીય ઉદ્યોગ સાહસિકોમાં સમાન મૂલ્યો જોવા માટે નસીબદાર રહ્યા છીએ.

**નવા રોકાણકારોમાં તમે સરેરાશ કેટલું રોકાણ કરવા જઈ રહ્યા છો? તમે આ સોદાને - પ્રારંભિક તબક્કા, સિરીઝ એ અથવા બી કે અંતિમરૂપ આપવાની નજીક છો ?**

અમે ભારતના પ્રારંભિક તબક્કા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. અમે અમારી ટિકિટ સાઈઝને જાહેર કરી શકતા નથી.

અમે દરરોજ વિવિધ ખૂબજ રસપ્રદ સ્ટાર્ટ-અપ્સને મળી રહ્યા છીએ, કેટલીક વાટાઘાટો તો પ્રગતિમાં છે અને અમને ખાતરી થયા પછી જાહેરાત કરવામાં આનંદ થશે.

**તેમ ભારતમાં કોઈ વિશિષ્ટ રોકાણ કરવાના છો ? તમારા ફંડની કોર્પ સાઈઝ શું છે?**

ભારત અને અમેરિકામાં રોકાણ માટે અમારા ફંડની કોર્પ સાઇઝ ૫૦ મિલિયન યુએસ ડોલર જેટલી છે.

# વેન્ટિલેટર, કોરોના ટેસ્ટ કિટ પરની કસ્ટમ જકાત હટાવાઇ

**પીટીઆઇ**
નવી દિલ્હી, તા.૧૦

સરકારે વેન્ટિલેટર્સ, કોરોના વાઇરસ ટેસ્ટિંગ કિટ્સ અને અન્ય તબીબી સપ્લાય સહિત આવી પ્રોડક્સનો પુરવઠો વધે અને કોરોના રોગચાળા સામે લડત આપી શકાય તે માટે કસ્ટમ્સ ડ્યૂટી અને હેલ્થ સેસ આગામી સપ્ટેમ્બર સુધી દૂર કરી છે. ડ્યૂટી અને સેસ દૂર થવા સાથે, આવી પ્રોડક્ટસ કે જેમાં વ્યક્તિગત રક્ષણ સાધનો અને ફેસ અને સર્જિકલ માસ્ક્સનો સમાવેશ થાય છે તેના ભાવ પણ ઘટશે.

ધી ડિપાર્ટમેન્ટ ઓફ રેવન્યૂએ એક નિવેદનમાં જણાવ્યું છે કે કોવિડ-૧૯ના પરિપ્રેક્ષ્યમાં, વેન્ટિલેટર્સ અને અન્ય ચીજોની તાત્કાલિક જરૂરિયાતોને ધ્યાનમાં લેતાં, કેન્દ્ર સરકારે આવી ચીજોની આયાત પર બેઝિક કસ્ટમ્સ ડ્યૂટી અને હેલ્થ સેસમાંથી મુક્તિ તાત્કાલિક અસરથી મંજૂર કરી છે.

આવી મુકતિઓ આવી ચીજોના ઉત્પાદનમાં વપરાતા ઇન્પુટસ પર પણ આપવામાં આવશે. બેઝિક કસ્ટમ્સ ડ્યૂટી મુક્તિ આ વર્ષની ૩૦મી સપ્ટેમ્બર સુધી પ્રાપ્ય રહેશે, તેમ તેમાં જણાવાયું છે. હાલમાં, વેન્ટિલેટર્સ અને ટેસ્ટ કિટસ પર ૧૦ ટકા ડ્યૂટી છે, અને ફેસ અને સર્જિકલ માસ્કસ પર ૭.૫ ટકા ડ્યૂટી છે. પીપીઇ પર તે ૭.૫ ટકાથી ૧૦ ટકાની રેન્જમાં છે. હેલ્થ સેસ આવી તમામ ચીજો પર પાંચ ટકા એકસરખી છે.
